

અનંતા તીર્થંકરોએ આ ઉપદેશ આપ્યો છે કે તમે તમારા સર્વજ્ઞસ્વભાવ-સન્મુખનો પુરુષાર્થ કરો, અમે પણ એ જ રીતે પુરુષાર્થ કરીને સર્વજ્ઞ થયા છીએ.

* કહાન સંવત-૬ (૫૦૮) * આત્મધર્મ * (અંક : ૮ વર્ષ : ૪૨) વીર સં. ૨૫૧૨ ફેબ્રુઆરી ૧૯૮૬ *

# ✻ આગમ મહાસાગરનાં અણમૂલાં રત્નો ✻

* હે બહિરાત્મન્! તું ક્રોધ, માન, મોહ આદિ દુર્ભાવોને તો દંડતો નથી અર્થાત્ ક્રોધાદિ ભાવોનું દમન કરતો નથી અને વ્રત તપશ્ચરણ આદિ વડે માત્ર શરીરને જ દંડે છે, પરંતુ તેનાથી તારા કર્મોનો નાશ કદાપિ નહિ થાય. કારણ કે સર્પના બીલને મારવાથી સર્પ મરતો નથી.

(શ્રી કુંદકુંદ આચાર્ય, રયણસાર, ગાથા-૭૦)

* સ્વસંવેદન જ્ઞાન વડે પ્રત્યક્ષ થતો આ આત્મા જ ખરેખર પરમાત્મા છે. કર્મ-બંધનના નિમિત્તે પરાધીન થઈને તે બીજાનો જાપ કરે છે પરંતુ જે સમયે આત્મા દ્વારા આત્માને જાણે છે તે સમયે આ આત્મા જ પરમાત્મદેવ છે. (શ્રી યોગીન્દુદેવ, પરમાત્મપ્રકાશ, અધ્યાય-૨, ગાથા-૧૭૪)

* જેવી રીતે અભેદ સ્વરૂપે અગ્નિમાં ઉષ્ણતા રહે છે તેવી જ રીતે આત્મામાં જ્ઞાન છે. આ પ્રકારની પ્રતીતિનું નામ શુદ્ધ સમ્યગ્દર્શન છે અને તે જ પ્રકારે જાણવાનું નામ સમ્યગ્જ્ઞાન છે. આ બન્નેની સાથે ઉક્ત આત્માના સ્વરૂપમાં સ્થિત થવાનું નામ સમ્યક્ચારિત્ર છે.

(શ્રી પદ્મનંદિપંચવિંશતિ, નિશ્ચયપંચાશત, શ્લોક-૧૪)

* સૂક્ષ્માદિ પદાર્થો પરોક્ષ હોવા છતાં પણ સમ્યગ્દૃષ્ટિઓના સમ્યક્ત્વનું એવું કોઈ માહાત્મ્ય છે કે જેથી તેમને આ જગતનું આસ્તિક્ય-પૂર્વક જ્ઞાન હોય છે. (શ્રી પંચાધ્યાયી, ઉત્તરાર્દ્ધ, શ્લોક-૪૮૭)

* આ સદ્‌ગુરુઓની આજ્ઞા છે, સમસ્ત સિદ્ધાંતોનો આ જ સાર છે, તથા કર્તવ્યોમાં મુખ્ય કર્તવ્ય આ છે કે પોતાના ચિદ્રૂપ આત્મામાં વિશુદ્ધિ કરવી. (શ્રી જ્ઞાનભૂષણ, તત્ત્વજ્ઞાનતરંગિણી, અધ્યાય-૧૩, શ્લોક-૨૩)

* આલોક અને પરલોક—બન્ને લોકમાં ઉત્તમ ફળની દેવાવાળી સજ્જનોની સંગતિ પ્રાણીઓની વિષય-તૃષ્ણાને નષ્ટ કરે છે, ગર્વને શાંત કરે છે, સમ્યગ્જ્ઞાનને પ્રગટ કરે છે, નીતિને ઉત્પન્ન કરે છે, વિપત્તિને હરે છે અને સંપત્તિને સંચિત કરે છે. અથવા જે સજ્જનની સંગતિ પ્રાણીઓના સમસ્ત દુઃખોને નષ્ટ કરવામાં સમર્થ છે તે કયા નિર્દોષ ફળને ઉત્પન્ન નથી કરતી? અર્થાત્ સજ્જનની સંગતિ બધી જ પ્રકારના ઉત્તમ ફળને ઉત્પન્ન

કહાન
સંવત-૬
વર્ષ-૪૨
અંક-૮
[ ૫૦૮ ]




વીર
સંવત
૨૫૧૨
A. D. 1986
FEB.

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# ભગવાન આત્મા : અતીન્દ્રિય સુખનો સાગર

[ શ્રી યોગસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન નં. ૩૮ )

આ શ્રી યોગસાર નામનું શાસ્ત્ર છે. તેની ૯૩ મી ગાથા ચાલે છે.

શ્રી યોગીન્દુ મુનિરાજ કહે છે કે શમ-સુખભોગી જ નિર્વાણનું પાત્ર છે.

શમ-સુખમાં લીન જે કરે, ફરી ફરી નિજ અભ્યાસ,
કર્મ ક્ષય નિશ્ચય કરી, શીઘ્ર લહે શિવવાસ. ૯૩.

આ આત્મા જ્ઞાનાનંદસ્વરૂપ શુદ્ધ ચૈતન્ય છે અને શરીર, કર્મ અને પુણ્ય-પાપ આદિ વિકારથી રહિત છે. આવા આત્માનું જેને જ્ઞાન છે તે જ્ઞાની છે-ધર્મી છે. હિંસા, જૂઠું, ચોરી આદિના ભાવ તે પાપ છે અને દયા-દાન આદિના ભાવ તે પુણ્યભાવ છે તેનાથી પણ રહિત અંદર શુદ્ધ અતીન્દ્રિય જ્ઞાન-આનંદસ્વરૂપ ભગવાન આત્મા બિરાજે છે, તેની અંદરમાં રુચિ થવી અને તેનો અનુભવ કરવો તે ધર્મ છે.

ઝીણી વાત છે ભાઈ! કેટલાકે તો આવી વાત ક્યારેય સાંભળી પણ ન હોય. જેવો સિદ્ધમાં આનંદ છે એવો આ આત્માના અંતરસ્વરૂપમાં આનંદ છે. અનાદિથી મિથ્યાદૃષ્ટિ જીવ આવા આનંદસ્વરૂપને ભૂલીને શુભાશુભ વિકાર જ મારું સ્વરૂપ છે અને પરદ્રવ્યમાં મારું સુખ છે એવી મિથ્યા માન્યતા સેવી રહ્યો છે, તેને સર્વજ્ઞ પરમેશ્વર કેવળજ્ઞાની ભગવાન કહે છે કે ભાઈ! પરદ્રવ્ય તારી ચીજ નથી અને પુણ્ય-પાપ એ પણ વિકાર છે, કૃત્રિમ -ઉપધિ-મેલ છે. તે તારી ચીજમાં નથી. તું તો અતીન્દ્રિય સુખનો સાગર છો.

અનંતકાળમાં અજ્ઞાની જીવ ત્યાગી થયો, ભોગી થયો, રાજા થયો, રંક થયો, રોગી થયો, નિરોગી થયો. અનંતા ભવભ્રમણ કર્યા પણ કોઈ દિવસ આત્મા શું છે અને આત્મામાં શું છે તેનો વિચાર ન કર્યો.

પરમેશ્વર વીતરાગદેવે ફરમાન કર્યું છે કે ભાઈ! અમને જે શમ–સુખસ્વરૂપ વીતરાગી આનંદ પ્રગટ્યો છે તે અતીન્દ્રિય આનંદ તારી વસ્તુમાં પણ પડ્યો છે. આત્મા ધર્મી છે અને અતીન્દ્રિય જ્ઞાન આનંદ આદિ તેના ધર્મો છે, પણ આ જીવે અનંતકાળમાં એક સેકંડ પણ પોતાના ધર્મોની રુચિ કરી નથી અને પુણ્ય-પાપની રુચિ છોડી નથી.

જેણે એકવાર પોતાના અતીન્દ્રિય આનંદનો સ્વાદ લીધો–આનંદના વેદનપૂર્વક ધર્મની જેણે શરૂઆતરૂપ સમ્યગ્દર્શન પ્રગટ કર્યું તે જીવ જ્ઞાની અને ધર્મી છે, આવા ધર્મી ભલે છખંડના રાજા ચક્રવર્તી હો કે સ્વર્ગના ઈન્દ્ર હો પણ તેઓ સ્વભાવ સિવાય બહારમાં ક્યાંય સુખ માનતા નથી. આવા જ્ઞાની શમ–સુખમાં લીન થઈને વારંવાર આત્માનો અનુભવ કરે છે.

પુણ્ય-પાપભાવની રુચિ છોડીને જે અંતરના શ્રદ્ધા જ્ઞાનમાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ લે છે તે ગૃહસ્થાશ્રમમાં રહ્યો હોય તોપણ ધર્મી છે.

"કેવલીપણ્ણત્તો ધમ્મો શરણં" એવા ગડિયા તો લોકો સવાર સાંજ બોલી જાય છે ને! એ કેવળીભગવાન સર્વજ્ઞદેવ સો ઇન્દ્રોની ઉપસ્થિતિમાં આ વાત કહે છે કે ભાઈ! તેં અનંત કાળથી પરિભ્રમણ કર્યું તેનું એક જ કારણ છે કે તને અતીન્દ્રિય આનંદ-સ્વભાવની અરુચિ અને પુણ્ય-પાપભાવની રુચિ પડી છે.

જે સિદ્ધભગવાન થયા એ ક્યાંથી થયા? એ નિર્દોષ દશા લાવ્યા ક્યાંથી? શું એ બહારથી આવે છે? અરે! સ્વભાવમાં છે તે પ્રગટ થાય છે, બહારથી કાંઈ આવતું નથી. લીંડીપીપરનો દાખલો આપીએ છીએ કે લીંડીપીપરમાં ૬૪ પહોરી તીખાશ અને લીલો રંગ અંદરમાં છે તે ઘૂંટવાથી પ્રગટ થાય છે, કાંઈ પથ્થરમાંથી તે તીખાશ અને રંગ આવતા નથી, જો એમ હોય તો તો કાંકરા ઘસવાથી પણ તીખાશ આવવી જોઈએ, પણ એમ નથી. પ્રાપ્તની પ્રાપ્તિ છે, પીપરમાં શક્તિ છે તે બહાર આવે છે. કુવામાં પાણી છે તો અવેડામાં આવે છે, તેમ આત્મામાં અતીન્દ્રિય આનંદ અને સર્વજ્ઞપદ પડ્યું છે તે તેમાં લીન થતાં પ્રગટ થાય છે. વીતરાગી વકીલ એવા સર્વજ્ઞદેવની એક એક વાત ન્યાયથી ભરેલી છે.

લીંડીપીપરમાં ૬૪ પહોરી તીખાશ ભરી છે તેમ આત્મામાં અતીન્દ્રિય આનંદ ભર્યો પડ્યો છે એવો ધર્મીને ભરોસો આવી ગયો છે તેથી તેને સ્ત્રી, કુટુંબ, રાજપાટમાં કે પુણ્ય-પાપમાં ક્યાંય આનંદ દેખાતો નથી, ક્યાંય સુખ લાગતું નથી.

લોકોને એમ લાગે કે કોણ જાણે આ તે પણ શું વાત કરે છે? પણ પ્રભુ! તું

અરુપી પણ અતીન્દ્રિય આનંદનું દળ છો. જેમ એક ઠંડી બરફની સાડાત્રણ હાથની શીલા હોય તો તેમાં જેમ ચારે બાજુ ઉપર-નીચે, મધ્યમાં બધે ઠંડુ...ઠંડુ...ઠંડુ જ ભર્યું છે, તેમ આ આત્મા દેહવ્યાપક પણ દેહથી ભિન્ન અતીન્દ્રિય આનંદની શીલા છે, પણ જીવોને બરફની શીલાનો વિશ્વાસ આવે છે પણ પોતાની અતીન્દ્રિય આનંદની પાટનો વિશ્વાસ આવતો નથી; આવા આત્માનો જ્યાં સુધી વિશ્વાસ ન આવે, અંતરજ્ઞાન અને અનુભવ ન થાય ત્યાંસુધી તેને ધર્મની ગંધ પણ આવી નથી.

એક એક ગાથામાં મહાસિદ્ધાંત-મહામંત્ર ભર્યા છે. "શમ-સુખમાં લીન જે રહે" એટલે પુણ્ય-પાપ ભાવ છે તે વિષમ છે, દુઃખરૂપ છે, તેનાથી વિરુદ્ધ સુખરૂપ એવા શમ-સુખમાં જે લીન થાય છે—અતીન્દ્રિય આનંદમાં રુચિ જમાવે છે અને વારંવાર તેનો અભ્યાસ કરે છે તેને સંવર-નિર્જરા થાય છે.

હાથમાં પુસ્તક છે ને! જે વંચાય તેની મેળવણી કરતી જવી જોઈએ. નામાની ચોપડી એકબીજા મેળવે છે ને! તેમ અહીં પણ પુસ્તક પાસે જોઈએ.

માખી જેવા પ્રાણીને પણ ફટકડી ફીકી લાગે છે અને સાકર મીઠી લાગે છે તો સાકર ઉપરથી માખી ખસતી નથી તેમ, પુણ્ય-પાપના ભાવ ફટકડી જેવા ફીકા-દુઃખરૂપ છે અને આત્માના અતીન્દ્રિય આનંદના સ્વાદ સાકરના ગાંગડાની જેમ ધર્મીને મીઠા લાગે છે તેથી ધર્મી તેમાં લીન થાય છે. શરીર તો અજીવતત્ત્વ છે અને પુણ્ય-પાપ એ આસ્રવ તત્ત્વ છે તેનાથી રહિત હું તો જીવતત્ત્વ છું એવા દૃષ્ટિવંત ધર્મી પોતાના શમ-સુખમાં લીન થઈને વારંવાર આત્માનો અનુભવ કરે છે.

શમ-સુખમાં લીનતા કહીને મુનિરાજ કહેવા માગે છે કે નિર્વાણના ઉપાયમાં કષ્ટ નથી. મોક્ષના ઉપાયમાં દુઃખ નથી. કષ્ટ-દુઃખ સહન કરવામાં તો આકુળતા છે મોક્ષમાર્ગમાં આકુળતા ન હોય. મોક્ષમાર્ગમાં તો શમસુખમાં લીનતારૂપ સુખ હોય. વીતરાગમાર્ગ તો ન્યાયમાર્ગ છે. ન્યાયથી વીતરાગદેવ કહે છે કે આ આત્મા અનાદિકાળથી પોતાના આત્માને ભૂલીને જેટલાં પુણ્ય-પાપ ભાવ કરે છે તેનાથી તે દુઃખી છે અને અજ્ઞાની તેનાથી પોતાને સુખી માને છે ગાંડાની હોસ્પીટલમાં એક ગાંડો બીજાને ડાહ્યો કહે તેથી શું એ ડાહ્યો થઈ જાય? તેમ અજ્ઞાની કરોડપતિને સુખી કહે તેથી શું એ સુખી છે?

સમ્યગ્દર્શન થતાં જ્ઞાની આત્માના અતીન્દ્રિય આનંદમાં લલચાયા છે. અહીં આનંદ છે....અહીં આનંદ છે...અહીં આનંદ છે—એમ કરીને વારંવાર આત્માના અનુભવનો જ્ઞાની અભ્યાસ કરે છે અને તેથી કર્મોનો નાશ કરીને શીઘ્ર નિર્વાણપદને પ્રાપ્ત થાય છે.

એક ગાથામાં નવેય તત્ત્વ સમાવી દીધા છે. જ્ઞાનીની નજરમાં નવેય તત્ત્વ તરવરે છે. ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદની મૂર્તિ તે એક જીવતત્ત્વ, કર્મ શરીરાદિ તે અજીવ તત્ત્વ, આત્મામાં પુણ્ય-પાપભાવ થાય તે આસ્રવતત્ત્વ અને આત્માની દૃષ્ટિ અને અનુભવ

કરવો તે સંવર-નિર્જરાતત્ત્વ અને એ સંવર-નિર્જરા ઉત્કૃષ્ટ થઈ જાય ત્યારે પૂર્ણાનંદ પ્રગટ થાય તે મોક્ષતત્ત્વ—આમ નવેય તત્ત્વ અહીં આવી ગયા.

અરે ભગવાન! જીવોને વીતરાગનું કહેલું તત્ત્વ સાંભળવા પણ મળે નહિ ત્યાં એ સમજે ક્યારે, રુચિ ક્યારે કરે અને અનુભવ ક્યારે થાય? સમજણ વગર અનંતાનંત ભવ જીવે કર્યા. કાગડા, કૂતરાના ભવમાંથી માંડ અનંતકાળે મનુષ્યપણું મળે તો તેમાં પણ આ વાત ન સમજે એટલે ફરી એની એ જ દશાને પ્રાપ્ત થાય છે.

વર્તમાનકાળમાં મહાવિદેહમાં સીમંધરપ્રભુ બિરાજે છે. કરોડપૂર્વનું તેમનુ આયુષ્ય છે. મુનિસુવ્રત ભગવાનના સમયમાં થયા છે અને આવતી ચોવીશીના ૧૩ માં તીર્થંકર થશે ત્યારે સીમંધર ભગવાનનો નિર્વાણ થશે. તેમના સમોસરણમાં અત્યારે લાખો કેવળી, ગણધરો, મુનિવરો બિરાજે છે. ઇન્દ્રો ઉપરથી ભગવાનની વાણી સાંભળવા આવે છે. એ જ આ વાણી છે, સંતો પણ એ જ વાણી આપી રહ્યાં છે કે

અનુભવ રત્ન ચિંતામણી, અનુભવ હૈ રસકૂપ,
અનુભવ મારગ મોક્ષનો, અનુભવ મોક્ષસ્વરૂપ.

આત્માના અતીન્દ્રિય આનંદ–શાંતિનો અનુભવ કરવો તેને ભગવાન મોક્ષમાર્ગ કહે છે અને પુણ્ય-પાપભાવ તે બંધમાર્ગ છે. જીવોને આ તત્ત્વનો નિર્ણય કરવાનો માંડ કરીને આ મનુષ્યપણામાં અવસર મળ્યો છે તેને જે ગુમાવી દે છે એવા મનુષ્યો અને નિગોદના જીવમાં કાંઈ ફેર નથી. જેને આત્માની દૃષ્ટિ અને અનુભવ નથી તેને માણસનું શરીર હો કે નિગોદનું શરીર હો તેમાં કાંઈ ફેર નથી. કેમ કે એકેયમાં તેના આત્માને લાભ નથી.

'શમ-સુખ' એક શબ્દમાં પણ મુનિરાજે કેટલાં ભાવ ભર્યા છે! શમ-સુખ લીન એવો ચક્રવર્તી હોય તે જાણે છે કે આ બહારના સ્વાદ તે મારાં નહિ રે નહિ. મારાં સ્વાદ તો અંદરમાં છે. જરી રાગ છે તેથી છ ખંડના રાજમાં પડયો છે, પણ સ્વભાવના આનંદને એ ભૂલતો નથી. જેમ નટ દોરી ઉપર નાચતો હોય પણ તે ભૂલે નહિ કે મારાં પગ દોરી ઉપર છે, ભૂલે તો પડી જાય. તેમ ચક્રવર્તીને સુંદર રૂપવાળી ૯૬૦૦૦ તો રાણીઓ છે, ઈન્દ્ર તો જેનો મિત્ર છે, હીરા–માણેકના સિંહાસન છે, વૈભવનો પાર નથી પણ તેમાં ફસાઈને એ સ્વભાવના આનંદને ભૂલતો નથી. તેની રુચિ તો સ્વભાવમાં જ પડી છે તેનું જ નામ સમ્યગ્દૃષ્ટિ છે.

લોકો કહે છે કે જેમ પરિષહ વધારે સહન કરે તેમ વધારે લાભ. અરે! પરિષહ સહન કરવા એ તો દુઃખ છે તેમાં લાભ કેવો? જ્ઞાની સ્વભાવના ઉલ્લસિત વીર્ય અને અતીન્દ્રિય આનંદમાં બહાર લાખ પ્રતિકૂળતા હોય તેને જ્ઞેય તરીકે જાણે છે. બહારમાં મને કોઈ પ્રતિકૂળ નથી તેમ કોઈ અનુકૂળ પણ નથી. મને તો મારાં વિકારી ભાવ પ્રતિકૂળ

છે, અનિષ્ટ છે અને દુઃખરૂપ છે અને મારો સ્વભાવ મને અનુકૂળ છે તેમ જ્ઞાની જાણે છે. માટે દુઃખ સહન કરવું તે મોક્ષનો ઉપાય નથી. પણ ચંદનની શીતળ શીલા જેવા અતીન્દ્રિય સ્વભાવની શાંત અને સુખનું વેદન કરવું તે મોક્ષનો ઉપાય છે.

જેમ દરિયામાં કાંઠે ભરતી આવે છે તેમ, આત્મા અતીન્દ્રિય આનંદનો મોટો દરિયો છે તેની દૃષ્ટિ અને એકાગ્રતા કરતાં વર્તમાન પર્યાયમાં આનંદની ભરતી આવે છે. તે મોક્ષનો ઉપાય-મોક્ષમાર્ગ-શમસુખ છે.

ભાઈ! તારાં મારગડાં જુદાં છે બાપા! દુનિયા બીજાને માને તેથી કંઈ એ વીતરાગનો માર્ગ ન થઈ જાય. વીતરાગનો માર્ગ તો શમ-સુખરૂપ છે. પુણ્ય-પાપ ભાવ તે વીતરાગ-માર્ગ નથી. પર્યાયમાં અતીન્દ્રિય આનંદ આવે તે વીતરાગમાર્ગ છે.

સમ્યગ્દષ્ટિ આત્માના આનંદ આગળ ભોગની વાસનાને કાળા નાગ જેવી દુઃખરૂપ સમજે છે. હજુ સ્થિરતા નથી તેથી રાગ આવે છે પણ તેમાં એને પ્રેમ અને રુચિ નથી. ૩૨-લાખ વિમાનનો લાડો સમકિતી ઇન્દ્ર બહારમાં ક્યાંય આનંદ માનતો નથી. આનંદ તો અંદરમાં છે એમ એ માને છે. લોકોને લાગે કે આ હજારો અપ્સરાઓનો ભોગ લે છે પણ તેને અંદરથી દુઃખ લાગે છે, ઉપસર્ગ લાગે છે. રાગ ટળતો નથી, સ્વરૂપ સ્થિરતાની કચાશ છે તેથી રાગ આવે છે પણ એ રોગ લાગે છે-ઉપસર્ગ લાગે છે, જ્યારે એ જ ભોગમાં મિથ્યાદૃષ્ટિને મીઠાશ વેદાય છે. સમ્યગ્દષ્ટિ અને મિથ્યાદૃષ્ટિની દૃષ્ટિમાં આટલો ફેર છે.

સોનાની લગડી ઉપર જુદી જુદી જાતના ચીતરેલાં કપડાં વીંટયા હોય પણ લગડી કોઈ દિવસ એ ચિતરામણરૂપે કે કપડાં રૂપે થતી નથી, તેમ ભગવાન સોનાની લગડી છે તેની ઉપર કોઈને સ્ત્રીના કોઈને પુરુષના, કોઈને હાથીના કે કોઈને કંથવાના શરીરરૂપ કપડાં વીંટયા છે પણ વસ્તુ ભગવાન ચિદાનંદ આનંદકંદ સદાય તેનાથી ભિન્ન તત્ત્વ છે તે કદી જાતજાતના શરીરરૂપે થતો નથી.

ભાઈ! તું કોણ? તારી દશા કોણ? તું એટલે અતીન્દ્રિય આનંદનો પિંડ. શરીર, વાણી, મન એ તું નહિ હો ભાઈ! વિકાર પણ તું નહિ. આનંદ અને શાંતિના જીવનથી ભરેલો તે તું જીવ છો પણ જેમ હરણની નાભીમાં કસ્તૂરી છે પણ તેની તેને કિંમત નથી તેમ, તું પોતે ભગવાન આત્મા, તારામાં સર્વજ્ઞપદ પડયું છે પણ તેની તને કિંમત નથી.

ભાઈ! તું વિચાર તો કર કે અનંતા સર્વજ્ઞ થયાં તે સર્વજ્ઞપદ લાવ્યાં ક્યાંથી? પીપરમાં તીખાશ આવી ક્યાંથી? પથ્થરમાંથી આવી કે હતી તેમાંથી પ્રગટ થઈ! પણ માળાને પોતાનો ભરોસો આવતો નથી. બીડી વગર ચાલે નહિ, દાળ, શાક આદિ રસોઈ સારી ન થાય તો ન ચાલે અને જો સારી હોય, દુધપાક પૂરી હોય તો તો હરખાઈ

જાય પણ ભાઈ! એ તો છ કલાકે વિષ્ટા થઈ જનારી વસ્તુ છે અને શરીર તેને વિષ્ટા બનાવનારો સંચો છે માટે એ બધું માટી ધૂળ છે તેમાં ક્યાંય તારું સુખ નથી ભાઈ!

જેમ સાકર ખાતાં મીઠાશ લાગે, લીમડો ખાતાં કડવો લાગે, મીઠું ખાતા ખારું લાગે તેમ ભગવાન આત્માનો અનુભવ કરતાં આનંદ આવે. આત્મામાં રમણતા કરતાં અતીન્દ્રિય આનંદ આવે તે આત્મધર્મ છે.

પ્રશ્ન :—આત્માનો સ્વાદ સાકર જેવો ગળ્યો હશે ને?

અરે! સાકર તો જડ માટી ધૂળ છે. ખરેખર સાકરનો સ્વાદ તો આત્મા લઈ શકતો પણ નથી. સાકરનો સ્વાદ મીઠો છે એવું જ્ઞાન આત્મા કરે છે. જો સાકરનો સ્વાદ આત્માને આવે તો તો આત્મા જડ થઈ જાય. માટે આત્મા સાકરનો સ્વાદ લેનારો નહિ પણ શમ-સુખનો સ્વાદ લેનારો છે.

પ્રશ્ન :—આત્માને ઓળખવા માટે આટલું બધું સમજવું પડે?

ધંધામાં કેટલી માથાકૂટ કરે છે! વ્યાજ તો કાઢે પણ ચક્રવર્તી વ્યાજ પણ કાઢે! તેમ આમાં પણ જેમ છે તેમ સમજવું તો પડે ને! આત્મા ગળ્યો થઈને સાકરનો સ્વાદ લેતો નથી. ખારો થઈને મીઠાંનો સ્વાદ લેતો નથી. ભિન્ન રહીને જ્ઞાન કરે છે અને પોતાના સ્વભાવમાં તો અભેદ થઈને અતીન્દ્રિય આનંદનો સ્વાદ લે છે. આ બધું એણે સમજવું પડશે.

[ક્રમશઃ]

—o—

# * લગની લગવી જોઈએ *

શ્રોતાઃ-આ વાત ખ્યાલમાં તો આવે છે પણ પરિણામ અંદર કેમ વળતાં નથી?

પૂજ્ય ગુરુદેવશ્રીઃ-અંદર ધ્રુવવસ્તુ ત્રિકાળી ભગવાન છે એનો મહિમા આવવો જોઈએ. જગતના બધા પદાર્થોનો મહિમા છૂટીને એક આત્માનો મહિમા આવવો જોઈએ. આત્મા જ એક અચિંત્ય વસ્તુ છે તેમ ભાસવું જોઈએ, લગની લાગવી જોઈએ. જેમ છોકરાના લગ્ન થતાં હોય ને તેની લગની લાગે છે-એમ આત્મા અચિંત્ય સ્વભાવી છે એ જ લગની લાગતાં લાગતાં ઉપયોગ અંદરમાં સૂક્ષ્મ થઈને ઢળી જાય છે.

—પૂજ્ય ગુરુદેવશ્રી

સર્વ દુઃખક્ષયનો ઉપાય

# સ્વથી એકત્વ–પરથી વિભક્તરૂપ ભેદજ્ઞાન

[ શ્રી ઇષ્ટોપદેશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન નં. ૩૧ )

પૂજ્યપાદ સ્વામીકૃત ઇષ્ટોપદેશની ૨૭ મી ગાથા ચાલે છે.

શિષ્યનો પ્રશ્ન હતો કે આત્મા પરથી નિર્મમ કેવી રીતે થાય? નિર્મમ થવાનો ઉપાય શું છે? આ પ્રશ્નનો ગુરુ ઉત્તર આપે છે.

નિર્મમ એક વિશુદ્ધ હું, જ્ઞાની યોગી ગમ્ય,<br>સંયોગી ભાવો બધાં, મુજથી બાહ્ય અરમ્ય. ૨૭.

હું દ્રવ્યાર્થિકનયથી એક છું. સામાન્ય દ્રવ્યસ્વરૂપે હું ત્રિકાળ રહેનારો એક છું. હું જ્ઞાની અને યોગીઓને સ્વસંવેદનગમ્ય છું. સંયોગીભાવો તો બધાં મારાથી તદ્દન ભિન્ન છે.

અહીં પ્રમાણના વિષયભૂત પર્યાય સહિતના દ્રવ્યની વાત નથી. પણ દ્રવ્યાર્થિકનયના વિષયભૂત દ્રવ્યની વાત છે. સામાન્ય ધ્રુવ સ્વભાવની વાત લીધી છે. સામાન્ય અને વિશેષરૂપ દ્રવ્ય તે પ્રમાણનું દ્રવ્ય છે અહીં દ્રવ્યાર્થિકનયથી સામાન્ય એકરૂપ ત્રિકાળ ધ્રુવ એક સ્વભાવ તે હું છું એમ દર્શાવ્યું છે.

વસ્તુદૃષ્ટિએ–સામાન્યદૃષ્ટિએ–ધ્રુવના લક્ષવાળી દૃષ્ટિએ હું એક છું. પૂર્વની પર્યાય અને ભવિષ્યની પર્યાયમાં હું તો કાયમ એકરૂપ રહેનારો છું. ભૂત–ભવિષ્ય અને વર્તમાનની દરેક પર્યાયમાં સળંગ એકરૂપે રહેનારો હું આત્મા છું.

પ્રથમ થોડો અભ્યાસ હોવો જોઈએ, આ તો મૂળ તત્વની વાત છે ભાઈ! અભ્યાસ વગર શી રીતે સમજાય?

શિષ્યનો પ્રશ્ન છે કે પરદ્રવ્યથી નિર્મમત્વ થવાની ચિંતવનાનો ઉપાય શું? તેનો અહીં ઉત્તર અપાય છે. પરથી જુદો પડે–નિર્મમ થાય તો જ શાંતિ, સુખ અને સમાધાન થાય માટે આ બહુ મુદ્દાનો પ્રશ્ન છે સમજવા જેવી વાત છે.

જેમ મોતીના હારમાં દરેક મોતીમાં પરોવેલો દોરો સળંગ છે. મોતી અલગ–અલગ છે પણ દોરો એક સળંગ છે, તેમ આત્મા પણ ભૂતની પર્યાય થઈ ગઈ, વર્તમાનની થાય છે અને ભવિષ્યમાં થશે તે બધી પર્યાયમાં સળંગ એકરૂપે રહેનારો સદૃશ સ્વભાવી છે.

દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિથી કહે છે કે હું નિર્મમ છું. શરીર, કર્મ, પુણ્ય–પાપના ભાવ

આદિ મારાં અને હું તેનો એવા મિથ્યા અભિપ્રાયથી હું રહિત છું. હું તેના સ્વરૂપે નથી અને એ મારા સ્વરૂપે નથી તેથી તેનાં કાર્યો મારાં સ્વરૂપે નથી અને મારું સ્વરૂપ તેનાં કાર્યમાં જતું નથી.

આહાહા....ભાઈ! જેવી ચીજ સ્વથી એકત્વ છે અને પરથી ભિન્ન છે તેવી જ રીતે તેને સ્વીકારવી કે આ શરીરાદિ મારાં નથી અને હું તેનો નથી. તે મારાં સ્વરૂપે નથી. હું તેના સ્વરૂપે નથી. આ નિર્મમ થવાનો ઉપાય છે. પરથી ભિન્ન જેવા સ્વરૂપે આત્મા છે તેમ તેને માનવો, તેનાથી વિરુદ્ધ શરીરાદિ પરદ્રવ્ય મારાં અને હું તેનો એવો જે અભિપ્રાય તે મિથ્યાદર્શન–મિથ્યાશલ્ય છે.

ભાઈ! તારું હોય તે તારાથી જુદું ન પડે અને જે જુદું પડે છે તે તારું ન હોય. માટે, તારાથી ભિન્ન ચીજમાં તને ઠીક પડે–મજા પડે એવું તારું સ્વરૂપ નથી. જે મારું સ્વરૂપ નથી તેમાં મને મજા ન પડે. મારાં સ્વરૂપમાં જ મને મજા પડે. એમ નક્કી રાખજે.

શરીર, સ્ત્રી, પુત્ર, પરિવાર, રાગાદિ હોય તો મને ઠીક પડે, એમ માને છે એનો અર્થ જ એ છે કે 'તે મારાં છે અને હું તેનો છું' એવી માન્યતા તે મિથ્યાદર્શન શલ્ય છે. રૂપાળુ શરીર, કરોડો રૂપિયા, ડાહ્યા દીકરા વગેરે જોઈને તેમાં અટકે છે એ તેનું મિથ્યા દર્શન–શલ્ય છે. બીજાને હું કાંઈક અનુકૂળ થાઉં. તેના કામમાં મદદ કરું એ અભિપ્રાય પણ મિથ્યા છે. 'પરદ્રવ્ય મારાં અને હું તેનો' આવો જે અભિપ્રાય તે મમતા છે અને તેનાથી રહિત તે નિર્મમ છે.

'હું તેનો અને તે મારાં,' 'હું બધાંની સગવડતામાં મદદરૂપ થાઉં અને મારી સગવડતામાં એ મદદ કરે' એટલે કે પરદ્રવ્યને હું સુખદુઃખ આપું અને એ મને સુખદુઃખ આપે—આવો મૂઢ અભિપ્રાય જ્ઞાનીને હોતો નથી. જ્ઞાની એવા અભિપ્રાયથી રહિત પોતાને નિર્મમસ્વરૂપે જાણે છે.

'પર મારાં અને હું એનો' આવી ઉંધી ભ્રમણા તને ક્યાંથી થઈ ગઈ ભાઈ? ભાઈ! તારા તત્ત્વની અંદર પરતત્ત્વનો લેશમાત્ર લેપ નથી અને પરતત્ત્વમાં તારા તત્ત્વનો લેશ પણ લેપ નથી. છતાં તેં આવો અભિપ્રાય ઉભો કર્યો છે. ધર્મી કહે છે કે તું તે અભિપ્રાયથી રહિત તત્ત્વ છો તેની દૃષ્ટિ કર!

અરે! મારામાં મારું (તત્ત્વ) છે તે પરનું નહિ અને જે પરનું છે તે મારામાં નહિ. મારો આનંદ મારી પાસે છે. મારો આનંદ કોઈ ચીજને દેખવાથી કે તેના સંયોગથી નવો ઉપજતો નથી. મારો આનંદ ત્રિકાળ મારી પાસે જ છે અને પરપદાર્થની સ્વતંત્ર-દશાઓ તેની પાસે છે. આમ, ધર્મી પોતાને વિપરીત અભિનિવેશ રહિત જેમ છે તેમ માને છે.

જુઓ! આ ધર્મીના લક્ષણ! આ કર્યું ને તે કર્યું અને માને કે થઈ ગયો ધર્મ–એ ધર્મીના લક્ષણ નથી.

આત્મા એક છે અને નિર્મળ છે એ બે બોલ થયાં, હવે ત્રીજો બોલ–હું શુદ્ધ છું –એમ જ્ઞાની જાણે છે. શુદ્ધનયની અપેક્ષાથી મારો મહિમાવંત ભગવાન ત્રણેકાળ શુદ્ધ જ છે એમ શુદ્ધનય જુએ છે. જડકર્મ અને ભાવકર્મ જે પુણ્ય–પાપ, વ્યવહારરત્નત્રયના વિકલ્પ તેનાથી હું રહિત છું માટે શુદ્ધ છું.

હું તો જ્ઞાનસ્વરૂપી ભગવાન અનાકુળ આનંદનો નાથ છું. શુદ્ધનય રૂપી જ્ઞાનચક્ષુ ભગવાન આત્માને રાગ અને નિમિત્ત–કર્મથી રહિત શુદ્ધ દેખે છે.

હવે ચોથો બોલ,—હું કેવળીઓ અને યોગીઓ દ્વારા જાણવા લાયક છું. એટલે કે હું કેવો છું ? કે કેવળી સર્વજ્ઞ ભગવંતો દ્વારા મારી અનંત પર્યાયો સહિત હું જાણવામાં આવી શકું તેમ છું. કેવળીઓ મને આ રીતે જાણી શકે તેવો હું છું. જુઓ તો, 'કેવળીગમ્ય' શબ્દ મૂકીને કેટલી ગજબ–ગંભીર વાત મૂકી દીધી છે! વાહ, ટીકા પણ ગજબ છે! હું મને ગમ્ય છું અને કેવળીને ગમ્ય છું.

હું ધ્રુવ, અને 'પર દ્રવ્ય મારા અને હું તેનો' એવા મિથ્યા અભિપ્રાયથી રહિત, શુદ્ધનયની અપેક્ષાએ રાગ અને કર્મથી રહિત શુદ્ધ છું એવો હું અનંતપર્યાય સહિત કેવળજ્ઞાનીના જ્ઞાનમાં જાણવામાં આવું છું અને શ્રુતકેવળીઓ દ્વારા પણ હું માત્ર શુદ્ધ ઉપયોગ રૂપ જાણવામાં આવું તેવો છું. અને હું પણ મારાં શ્રુતજ્ઞાન વડે મને શુદ્ધઉપયોગમાત્ર જાણું છું. જ્ઞાની કહે છે કે મારું હોવાપણું શુદ્ધઉપયોગમાત્ર છે એમ હું જાણું છું. મારું સ્વરૂપ જેવું છે તેવું હું જાણું છું.

પરથી નિર્મમત્વ એટણે વિભક્ત થવાનો અને સ્વમાં એકત્વ કરવાનો આ ઉપાય કહ્યો. મમ્ એટલે એકત્વ અને નિર્મમત્વ એટલે વિભક્ત; હું પરથી વિભક્ત છું. મારું સ્વરૂપ ધ્રુવ સદા એકરૂપ જ્ઞાનસ્વભાવી છે. હું મને જણાવાને લાયક છું. કેવળજ્ઞાની મને અનંતપર્યાય સહિત જાણી રહ્યા છે એમ હું જાણું છું. આમ, હું મારાથી જણાઉ એવો સ્વસંવેદ્ય છું.

મારાં દ્રવ્ય–ગુણ–પર્યાયથી બધાં પરદ્રવ્ય જુદાં છે. સર્વથા સર્વપ્રકારે બધાં પરદ્રવ્યો મારાંથી જુદાં છે. મારું દ્રવ્ય બધાંથી ન્યારુ જ છે.

પ્રભુ! તારું સ્વરૂપ તારાથી સ્વસંવેદ્ય છે. અનંત પર્યાયો સહિત ભગવાન તારા દ્રવ્યને જાણે છે તેને પણ તું જાણી શકે છો.

મુમુક્ષુ :—આવી વાતો કોઈ દી સાંભળી ન હતી.

પૂજ્ય ગુરુદેવ :—આ વાત પહેલા હતી જ નહિ ને! બહારની કડાકૂટમાં લોકોની જિંદગી ચાલી જાય છે. અંદરની લાયકાત વગર સાંભળવા પણ ક્યાંથી મળે ? લાયકાત હોય ત્યારે સાચું તત્ત્વ સાંભળવા મળે છે.

ગાથામાં કહ્યું 'હું નિર્મમ એક વિશુદ્ધ, જ્ઞાની યોગીગમ્ય.' હું પોતે જ્ઞાની–યોગી

છું. મને મારો આત્મા જ્ઞાનમાં ગમ્ય થાય છે એવો ભાવ આમાં આવી જાય છે. શરીર, વાણી, મન, પુણ્ય-પાપ ભાવ આદિ બધાં મારાંથી અન્ય છે, મારે અને તેને કાંઈ સંબંધ નથી. આવા અભિપ્રાય સહિત આત્માને જાણવો તેનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે. સર્વજ્ઞ પરમેશ્વર સિવાય આ વાત ત્રણકાળ ત્રણલોકમાં ક્યાંય ન હોઈ શકે.

હવે ૨૮મી ગાથામાં દેહાદિકના સંયોગથી શું ફળ મળે છે એ પ્રશ્નનું જ્ઞાની સમાધાન કરે છે.

દેહીને સંયોગથી, દુઃખ સમૂહનો ભોગ,
તેથી મન-વચ-કાયથી, છોડું સહુ સંયોગ. ૨૮.

જીવ સ્વભાવનું લક્ષ ન કરતાં જેટલું દેહાદિ સંયોગમાં લક્ષ કરે છે એટલું દુઃખ એને ભોગવવું પડે છે. દેહનું લક્ષ થાય, રોગનું લક્ષ થાય કે મને રોગ થયો, સ્ત્રીનો સંયોગ થાય, પૈસા, આબરૂ આદિનો સંબંધ થયો તેનાથી પ્રાણીઓને દુઃખનો ઢગલો ભોગવવો પડે. અને ભગવાન અતીન્દ્રિય આનંદની મૂર્તિના સંબંધથી-તેનું લક્ષ કરવાથી અતીન્દ્રિય આનંદનું વેદન થાય છે.

હું આનંદસ્વરૂપ છું એવું લક્ષ છોડી, જે ચીજની સાથે પોતાને કાંઈ સંબંધ નથી તેની સાથે સંબંધ બાંધી તેમાં લક્ષ કરતાં-આ મને થયું છે એવી માન્યતાથી અનંતા દુઃખના પોટલા વહોરવા પડે છે. દેહાદિનો સંબંધ કરતાં રાગ ઉત્પન્ન થાય છે. આ રાગ ઉત્પન્ન થાય છે એ જ દુઃખનો સમૂહ છે. પરનો સંબંધ કરવા જાય તેમાંથી શાંતિ ક્યાંથી મળે? અંતરસ્વભાવના સંબંધમાં શાંતિ છે અને પરના સંબંધમાં દુઃખના ઢગલાં છે.

ભગવાન! તારી ચીજમાં શું ખામી છે કે તારે પરનો સંબંધ કરવો પડે છે? દ્રવ્યકર્મ, ભાવકર્મથી ભિન્ન અસંગ નિજતત્ત્વનો સંગ છોડીને બહારના સંગમાં જોડાય તેને અનંતુ કલેશનું દુઃખ છે પછી ભલે મહિનાના લાખ રૂપિયા મળતાં હોય તોપણ તેનો રાગ કલેશનું કારણ છે.

દરેક પ્રકારના સંબંધ મન-વચન-કાયાથી થાય છે તેને હું છોડું છું. એટલે મન-વચન-કાયાથી હું તે સર્વ સંબંધ છોડું છું કે જે મને દુઃખનું કારણ થાય છે. એ સંબંધ છોડી હું સ્વભાવમાં સંબંધ જોડું છું આમ, જીવ પોતે જ પોતાના દુઃખનું સમાધાન કરે છે.

મન-વચન-કાયાના સંબંધના નિમિત્તે મારા આત્માના પ્રદેશોનું કંપન થાય છે તેને હું મારાં ભાવથી રોકું છું અને સ્વભાવના સંબંધમાં તેને જોડું છું.

આમ, જ્ઞાની પરના સંબંધમાં ન જોડાતાં ત્યાંથી પાછા વળીને પોતાના સ્વભાવના સંબંધમાં જોડાઈને દુઃખનો નાશ કરી સુખ પ્રગટ કરે છે તેનું નામ આત્માનો ધર્મ કહેવાય છે.

(ક્રમશઃ)

# વૈરાગ્યજનની : બાર ભાવના

[ શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

આ નિર્જરા અનુપ્રેક્ષાનું સ્વરૂપ ચાલે છે. નિર્જરા એટલે કર્મનું ખરી જવું. તે કર્મનું ખરવું આત્માના ભાનસહિત જીવને પણ થાય છે ને આત્માના ભાન વગરના જીવને પણ થાય છે; પણ તેમાં આત્માના ભાનસહિત કર્મનું ખરવું ને શુદ્ધતાનું વધવું તે જ નિર્જરા ધર્મ છે.

सर्वेषां कर्मणां शक्तिविपाकः भवति अनुभागः ।
तदनन्तरं तु सडनं कर्मणां निर्जरां जानीहि ।। १०३ ।।

અર્થ:—સમસ્ત જે જ્ઞાનાવરણાદિ આઠ કર્મની શક્તિ એટલે ફળ દેવાના સામર્થ્યનો વિપાક થઈ ઉદય થવો તેને અનુભાગ કહીએ છીએ, તે ઉદય આવીને તુરત જ તેનું ખરવું-ઝરવું થાય તેને હે ભવ્ય! તું કર્મની નિર્જરા જાણ. ૧૦૩.

પૂર્વે જે કર્મ બંધાયું તેનો વિપાક થયો એટલે કે તેનો કાળ પૂરો થયો, તે ઉદય આવીને તુરત ખરી જાય છે, તેને હે ભવ્ય! તું નિર્જરા જાણ. આ નિર્જરાની સામાન્ય વ્યાખ્યા કરી. હવે તેના બે પ્રકાર કહે છે

सा पुनः द्विविधा ज्ञेया सकालप्राप्ता तपसा कृतमाना ।
चतुर्गतिकानां प्रथमा व्रतयुक्तानां भवेत् द्वितीया ।। १०४ ।।

અર્થ:—ઉપર કહેલી નિર્જરા બે પ્રકારની છે. એક તો સ્વકાળ પ્રાપ્ત અને બીજી તપ વડે થાય તે. તેમાં પ્રથમની સ્વકાળ પ્રાપ્ત નિર્જરા તો ચારે ગતિના જીવોને થાય છે તથા બીજી જે વ્રતસહિત હોય છે તે તપ વડે થાય છે. ૧૦૪.

આત્માના જ્ઞાનાનંદસ્વભાવનું ભાન કરીને તેમાં એકાગ્રતા થતાં કર્મો ખરી જાય છે; અને તે સિવાય કર્મની સ્થિતિનો કાળ પૂરો થતાં કર્મો ખરી જાય છે—એવી નિર્જરા તો બધા જીવોને ક્ષણેક્ષણે થયા જ કરે છે. અભવ્યને અને કસાઈ બોકડો કાપતો હોય ત્યારે પણ તેને પૂર્વનાં કર્મો ખરી તો જાય છે. પણ નવાં તીવ્ર કર્મો બંધાય છે. આ નિર્જરાને ધર્મ ન કહેવાય. આત્માના ચૈતન્યસ્વભાવનું ભાન કરીને તેમાં એકાગ્ર થયો ત્યાં અપૂર્ણ સ્થિતિએ કર્મો ફળ દીધા વગર ખરી જાય છે. ખરેખર તો ત્યાં પણ કર્મો તેની સ્થિતિ પ્રમાણે જ ખર્યાં છે, પણ અહીં ચૈતન્યનો પુરુષાર્થ છે તે બતાવવા માટે કહ્યું કે કર્મો અપૂર્ણ સ્થિતિએ ખરી ગયાં; તેને અવિપાક નિર્જરા કહે છે. અહીં ચૈતન્યની શુદ્ધતા વધતી જાય છે ત્યાં સામે કર્મો

ફળ દીધા વગર ખરી જાય છે પણ ત્યાં કાંઈ કર્મના પરમાણુઓની પર્યાયનો ક્રમ ફર્યો નથી. જ્યાં ચૈતન્યનો સ્વસન્મુખ પુરુષાર્થ હોય ત્યાં પુદ્ગલકર્મની તેવી જ અવસ્થાની યોગ્યતા હોય. મિથ્યાદૃષ્ટિ તીવ્ર પાપ કરતો હોય તે વખતે પણ તેને જે પૂર્વ કર્મની સ્થિતિ પૂરી થઈ હોય તે કર્મ તો ખરી જાય છે, પણ તે નિર્જરાથી આત્માને કાંઈ લાભ નથી.

ભાવાર્થ:—નિર્જરા બે પ્રકારની છે; તેમાં જે કર્મસ્થિતિ પૂરી થતાં ઉદય પામી રસ આપી જાય તેને તો સવિપાક નિર્જરા કહીએ છીએ. આ નિર્જરા તો સઘળા જીવોને થાય છે, તથા જે તપ વડે કર્મો અપૂર્ણ સ્થિતિએ પણ પરિપકવ થઈ ખરી જાય તેને અવિપાક નિર્જરા કહીએ છીએ અને તે વ્રતધારીને થાય છે.

નિર્જરાની વૃદ્ધિ શાથી થાય છે તે કહે છે:—

उपशमभावतपसां यथा यथा वृद्धिः भवति साधोः ।
तथा तथा निर्जरावृद्धिः विशेषतः धर्मशुक्लाभ्यां ।। १०५ ।।

અર્થ:—મુનિજનોને જેમ જેમ ઉપશમભાવ તથા તપની વૃદ્ધિ થાય છે તેમ તેમ નિર્જરાની પણ વૃદ્ધિ થાય છે. વળી ધર્મ ધ્યાન અને શુકલ ધ્યાન વખતે વિશેષ નિર્જરા થાય છે. ૧૦૫.

એ નિર્જરાની વૃદ્ધિનાં સ્થાનો કહે છે.

मिथ्यात्वतः सद्दृष्टिः असंख्यगुणिकर्म्मनिर्जरा भवति ।
ततः अणुव्रतधारी ततः च महाव्रती ज्ञानी ।।१०६।।
प्रथमकषायचतुर्णां वियोजकः तथा च क्षपकशीलः च ।
दर्शनमोहत्रिकस्य च ततः उपशमकचत्वारि ।।१०७।।
क्षपकः च क्षीणमोहः सयोगिनाथः तथा अयोगिनः ।
एते उपरि उपरि असंख्यगुणकर्म्म निर्जरकाः ।। १०८ ।।

જુઓ, બધાયમાં જ્ઞાનીની વાત લીધી છે.

(૧) હજી સમ્યગ્દર્શન પામ્યો ન હોય, પણ સમ્યગ્દર્શન પામવાની તૈયારી વખતે શુદ્ધ આત્માના વિચારની શ્રેણીએ ચડ્યો હોય, તેવા જીવને વિશુદ્ધ પરિણામથી નિર્જરા થાય છે, તેના કરતાં સમ્યગ્દૃષ્ટિને ચોથા ગુણસ્થાને અસંખ્યાતગુણી નિર્જરા થાય છે. જેની દૃષ્ટિ સાચી નથી રાગમાં ધર્મ માને છે, બહારની ક્રિયાથી આત્માને લાભ માને છે તેવા જીવને તો આવી નિર્જરા થતી નથી; અનાદિનો અજ્ઞાની જીવ ધર્મ કરે તેમાં સૌથી પહેલાં ઉપશમ સમ્યગ્દર્શન પામે છે. તે વખતે તેને નિર્જરા શરૂ થાય છે. સત્સમાગમે શ્રવણ–મનન કરીને સન્મુખ થતાં ત્રણ કરણના વિશુદ્ધ પરિણામ થાય છે.

તેનો કાળ અંતર્મુહૂર્તનો જ છે, ને ત્યાં નિર્જરા ગણવામાં આવે છે. આ પહેલાં તત્ત્વની રુચિ–બહુમાન કરતાં કરતાં મિથ્યાત્વનો રસ મોળો–મંદ પડતો જાય છે, પણ તેને હજી નિર્જરામાં ગણવામાં આવતો નથી. ચૈતન્યના અંતરસ્વભાવ તરફ વલણ કરીને તેનો સાક્ષાત્કાર કરવા તૈયાર થયો ત્યાં અધઃકરણ વગેરેના વિશુદ્ધ પરિણામ થાય છે, ત્યારે જે કર્મની નિર્જરા થાય છે, તેના કરતાં અસંખ્યગુણી નિર્જરા ચોથા ગુણસ્થાને સમ્યક્‌દૃષ્ટિને થાય છે. ખરેખર અહીંથી જ મિથ્યાત્વનો સંવર થયો અને ગુણશ્રેણી નિર્જરા શરુ થઈ.

પહેલા ગુણસ્થાને હોવા છતાં ચૈતન્યસ્વભાવની સન્મુખ થયો ને સમ્યગ્દર્શન પામવાની તૈયારી થઈ; ત્યાં અંતર્મુહૂર્ત પહેલાં કંઈક વિશુદ્ધ પરિણામ થાય છે તેને નિર્જરા થાય છે, પણ તેના કરતાં અસંખ્યાતગુણી નિર્જરા સમ્યગ્દૃષ્ટિને થાય છે, લડાઈ વખતે કે અશુભ પરિણામ વખતે પણ અવિરતિ સમ્યગ્દૃષ્ટિને અસંખ્યગુણી નિર્જરા થાય છે.

(૨) તે ચોથા ગુણસ્થાનવાળા અવિરત સમ્યગ્દૃષ્ટિ કરતાં પાંચમા ગુણસ્થાનવાળા દેશવ્રતી શ્રાવકને અસંખ્યાતગુણની નિર્જરા થાય છે. ચોથા ગુણસ્થાનવાળો ધ્યાનમાં હોય ને પાંચમા ગુણસ્થાનવાળો ખાવા–પીવાના ભાવમાં હોય તે વખતે પણ તેને અંદરની એટલી અકષાય પરિણતિ વર્તે છે કે તેને અસંખ્યાતગુણી નિર્જરા થાય છે. તેને જ્ઞાયક-ભાવનું વિશેષ અવલંબન થઈ ગયું છે; બહારની ક્રિયા ઉપર નિર્જરા નથી.

(૩) વળી તે દેશવ્રતી શ્રાવક કરતા પણ છઠ્ઠા ગુણસ્થાનવાળા મહાવ્રતી મુનિઓને અસંખ્યાતગુણી નિર્જરા થાય છે તેમને જ્ઞાયકભાવનું એટલું અવલંબન થઈ ગયું છે કે ત્રણ કષાયનો નાશ થઈ ગયો છે, તેથી તેમને વિશેષ શુદ્ધતા થાય છે, ને નિર્જરા પણ વિશેષ થાય છે.

(૪) ૪–૫, ૬–૭ ગુણસ્થાને અનંતાનુબંધી કષાયનું વિસંયોજન થાય છે, તે વખતે છઠ્ઠા ગુણસ્થાનવાળા મુનિ કરતાં પણ વિશેષ નિર્જરા છે. આ વિસંયોજનનો કાળ અલ્પ છે. અલ્પજ્ઞ જીવથી તે પરિણામ પકડાય નહિ પણ અંદર શુદ્ધતા થતાં અનંતાનુ-બંધીનું વિસંયોજન થઈ જાય છે, તે વિસંયોજનના કાળ વખતે છઠ્ઠા ગુણસ્થાન કરતાં પણ અસંખ્યાતગુણી નિર્જરા થાય છે.

(૫) તેના કરતાં પણ દર્શનમોહનો ક્ષય કરનારા જીવને અસંખ્યાતગુણી નિર્જરા છે, કેવળી, શ્રુતકેવળીની સમીપમાં દર્શનમોહનો ક્ષય પ્રારંભ કરે તે વખતે ઉપર કરતાં પણ અસંખ્યાતગુણી નિર્જરા થાય છે.

(૬) ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ કરતાં પણ ઉપશમશ્રેણીવાળા જીવને આઠમા–નવમા–દશમા ગુણસ્થાને અસંખ્યાતગુણી નિર્જરા છે.

(૭) તેનાથી અગિયારમા ગુણસ્થાને ઉપશાંત મોહવાળા જીવને અસંખ્યાતગુણી નિર્જરા છે.

(૮) તે અગિયારમા ગુણસ્થાન કરતાં પણ ક્ષપકશ્રેણીવાળા જીવને અસંખ્યાતગુણી નિર્જરા છે. દસમા ગુણસ્થાને ઉપશમશ્રેણીવાળા જીવ કરતાં ક્ષપકશ્રેણીવાળા જીવને આઠમા ગુણસ્થાને પણ અસંખ્યાતગુણ નિર્જરા છે.

(૯) ક્ષપકશ્રેણીવાળા જીવ કરતાં ક્ષીણમોહ જીવને બારમા ગુણસ્થાને અસંખ્યાતગુણી નિર્જરા છે.

(૧૦) ક્ષીણમોહ જીવ કરતાં તેરમા ગુણસ્થાને સયોગકેવળીને અસંખ્યાતગુણી નિર્જરા છે.

બારમા ગુણસ્થાન કરતાં કેવળીને અકષાયભાવમાં કાંઈ ફેર નથી, પણ ત્યાં જ્ઞાન–દર્શન–વીર્ય પરિપૂર્ણ પ્રગટયાં છે, તેથી શુદ્ધતા ઘણી વધી ગઈ છે, ને ત્યાં નિર્જરા પણ વધી ગઈ છે.

(૧૧) સયોગ કેવળી કરતાં પણ અયોગ કેવળીને ચૌદમા ગુણસ્થાને અસંખ્યાતગુણી નિર્જરા થાય છે.

આ પ્રમાણે નિર્જરાની વૃદ્ધિનો ક્રમ છે.

**પ્રશ્નઃ**—નીચલા જીવો કરતાં કેવળીને વધારે નિર્જરા કહી, તો શું તેમને બીજા કરતાં વધારે અશુદ્ધતા હશે ?

**ઉત્તરઃ**—ના, તેને તો ઘણા પરમાણુ ખરે છે, તે શુદ્ધતા ઘણી થઈ છે. ઘણા પરમાણુઓ ખરે છે એટલે થોડા બાકી રહે છે, ને અશુદ્ધતા પણ થોડી છે. નીચલા જીવોને થોડા થોડા કર્મો ખરે છે એટલે ઘણાં કર્મો રહે છે, ને ત્યાં અશુદ્ધતા વિશેષ છે, ઉપર ઉપરનાં ગુણસ્થાને શુદ્ધતા વધી એટલે કર્મોની નિર્જરા પણ વધતી ગઈ.

જુઓ, ત્રિકાળી દ્રવ્યને પકડીને તેના અવલંબને પર્યાયમાં સમય–સમયની જે શુદ્ધતા વધે છે તેનું આ વર્ણન છે. સમયે સમયે દ્રવ્યના અવલંબને શુદ્ધતા વધતી જાય છે, ને કર્મો ખરતાં જાય છે, જ્યારે આત્મામાં શુદ્ધિ થવા માંડે ત્યારે એક સાથે બધી શુદ્ધતા થઈ જતી નથી પણ ક્રમે ક્રમે શુદ્ધતા વધે છે, ને ક્રમે ક્રમે કર્મો ખરે છે, આનું નામ નિર્જરા છે.

સમ્યક્ત્વ સન્મુખ મિથ્યાદૃષ્ટિથી માંડીને અયોગ કેવળી સુધી ક્રમે ક્રમે અસંખ્યાતગુણી નિર્જરા છે. ચોથા ગુણસ્થાનવાળાને પણ ગુણશ્રેણી નિર્જરા શરુ થઈ જાય છે. ચૈતન્યસ્વભાવને પકડીને એકાગ્ર થયો ત્યાં શુદ્ધતા થવા માંડી ને અશુદ્ધતા ઘટવા માંડી, ત્યાં નિર્જરા શરૂ થઈ ગઈ. સમ્યક્ત્વસન્મુખ થયેલા જીવને પણ નિર્જરા ગણી છે.

સિદ્ધને તો નિર્જરા ન કહેવાય. ત્યાં કર્મ કે અશુદ્ધતા રહી નથી, તો નિર્જરા કોની થાય? ચૌદમા ગુણસ્થાનના છેલ્લા સમયે બધાં કર્મોની પૂરી નિર્જરા થઈ ગઈ ને આત્માની શુદ્ધતા પૂર્ણ થઈ ગઈ. આ પ્રમાણે ગુણશ્રેણી નિર્જરાની વાત કરી.

હવે કોઈક જીવને ગુણશ્રેણી નિર્જરા ઉપરાંત વિશેષ નિર્જરા થાય છે તેનું વર્ણન કરે છે.

यः विसहते दुर्वचनं साधर्म्मिकहीलनं च उपसर्गम् ।
जित्वा कषायरिपु तस्य भवेत् निर्जरा विपुला ।। १०९ ।।

અર્થ :—જે મુનિ દુર્વચન સહન કરે છે, અન્ય સાધર્મી મુનિ આદિના કરેલા અનાદરને સહન કરે છે, દેવાદિકોએ કરેલા ઉપસર્ગને સહન કરે છે. એ પ્રમાણે કષાયરૂપ વૈરીઓને જીતે છે તેને વિપુલ અર્થાત્ વિસ્તારરૂપ મોટી નિર્જરા થાય છે. ૧૦૯.

સ્વભાવનું એટલું અવલંબન છે કે દુર્વચન–અનાદર વગેરે પ્રસંગે કષાયભાવ થતો નથી, પણ જ્ઞાતાભાવ રહે છે, તેવા વખતે શુદ્ધાતાની વૃદ્ધિ થાય છે, ને કર્મ વિશેષપણે ખરી જાય છે

પ્રશ્ન:—સાધર્મીમુનિ સાધર્મીનો અનાદર કેમ કરે?

ઉત્તર: - ત્યાં ખરેખર અનાદરનો ભાવ નથી હોતો, પણ સામા જીવને શુદ્ધતાનું કારણ થાય એવા હેતુએ કોઈવાર કડકપણે શિખામણ આપે, ત્યાં સામાના હિતનો ભાવ છે. આચાર્યો કઠોર પ્રાયશ્ચિત આપે ને મુનિ તેને કષાયરહિતપણે સહન કરે છે, એવા પ્રસંગે મુનિને વિશેષ નિર્જરા થાય છે. અંદરમા ઉપશમભાવમાં એવા ઠર્યા છે કે ઉપસર્ગ વગેરે પ્રસંગો વખતે પણ અકષાય પરિણતિ સહજ વધતી જાય છે. તેનું આ વર્ણન છે. બહારની વાત નથી. આવા આવા સંયોગ વખતે પણ સહજ સ્વભાવના આશ્રયે ધર્માત્માને નિર્જરા થતી જાય છે. આત્માના ભાન વગર સહન કરે તેવા જીવોની આ વાત નથી.

ભાવાર્થ :—કોઈ કુવચન કહે તેનાથી કષાય ન કરે, પોતાને અતિચાર દોષ લાગતાં આચાર્યાદિક કઠોર વચન કહી પ્રાયશ્ચિત આપે. નિરાદર કરે તોપણ તેને નિષ્કષયપણે સહન કરે તથા કોઈ ઉપસર્ગ કરે તેની સાથે પણ કષાય ન કરે તેને ઘણી નિર્જરા થાય છે.

અહો! મુનિરાજ જંગલમાં ઝાડ નીચે આત્માના ધ્યાનમાં બેઠા હોય, અંદરની શાંતિમાં ડુબકી મારીને સહજ જ્ઞાનાનંદસ્વભાવનો અનુભવ કરતા હોય, ને ત્યાં પારધી આવીને ઝાડ ઉપરના પંખીને મારે, તે મરેલું પંખી ખોળામાં આવીને પડે ઇત્યાદિ ઉપસર્ગો વખતે પણ અંદર કષાયભાવ થયા વિના વીતરાગભાવે જ્ઞાતા રહે છે, તેવા મુનિને વિશેષ નિર્જરા થાય છે.

रिणमोचनवत् मन्यते यः उपसर्गं परीषहं तीव्रं ।
पापफलं मे एतत् मया अपि यत् संचितं पूर्वं ।। ११० ।।

અર્થ :—જે મુનિ ઉપસર્ગ તથા તીવ્ર પરીષહ આવતાં એમ માને છે કે મેં પૂર્વ-જન્મમાં પાપનો સંચય કર્યો હતો તેનું આ ફળ છે તેને (શાંતિપૂર્વક) ભોગવવું પણ તેમાં વ્યાકુળ ન થવું. જેમ કે કોઈનાં કરજે નાણાં લીધાં હોય ને જ્યારે પેલો માગે ત્યારે તેને આપી દેવાં પણ તેથી વ્યાકુળતા શા માટે કરવી? એ પ્રમાણે માનતાં તેને ઘણી નિર્જરા થાય છે. ૧૧૦.

અહીં તો અંદરમાં સ્વભાવના આશ્રયે જેને જ્ઞાનચેતના પ્રગટી છે તેવા જીવની વાત છે. એકલા કર્મના આશ્રયે સહન કરે તેવા જીવને તો કર્મફળ ચેતના છે. અહીં તો જ્ઞાતાના આશ્રયે વિશેષ ચારિત્ર પ્રગટયું છે. એવા મુનિની વાત છે. કર્મના ઉદયથી શરીરમાં પ્રતિકૂળતા થાય તેવા પ્રસંગે મુનિઓને વ્યાકૂળતા ન થાય, પણ એમ ચિંતવે કે હું તો જ્ઞાનાનંદ છું, આ પૂર્વકર્મનું ફળ છે, એમ અંદર ચૈતન્યનું અવલંબન ખસતું નથી, ને જ્ઞાતાની શાંતિ ખસતી નથી. એવા મુનિને ઘણી નિર્જરા થાય છે. સંયોગ તરફ લક્ષ જાય ને સંયોગ જ્ઞાનમાં આવે, તે કાંઈ દોષ નથી, તે વખતે તેવા સંયોગને જાણવાનું જ્ઞાન પ્રગટયું છે, પણ તે વખતે કષાયભાવ થાય તો બંધન થાય; ચૈતન્યના અવલંબનની સ્થિરતાપૂર્વક જે જ્ઞાન ખીલ્યું છે, તેને પરને જાણતી વખતે પણ રાગ-દ્વેષ થતો નથી, તેટલી નિર્જરા છે. જ્ઞાનીને કોઈ ક્ષણે ચિદાનંદ દ્રવ્યનું અવલંબન છૂટતું નથી, તેથી ક્ષણે ક્ષણે નિર્જરા જ થાય છે. જો દ્રવ્યનું અવલંબન છૂટે તો નિર્જરા કે ધર્મ રહેતો નથી. અહીં ચિદાનંદ દ્રવ્યના અવલંબનનો કાળ છે ત્યાં સામે કર્મોની નિર્જરા સહજ બની રહી છે ને અહીં શુદ્ધતા પણ વધતી જાય છે.

यः चिन्तयति शरीरं ममत्वजनकं विनश्वरं अशुचिम् ।
दर्शनज्ञानचरित्रं शुभजनकं निर्मलं नित्यम् ।। १११ ।।

અર્થ :—આ શરીર મમત્વ-મોહનું ઉપજાવવાવાળું, વિનાશીક તથા અપવિત્ર છે; તથા દર્શન-જ્ઞાન-ચારિત્ર સુખનું ઉપજાવવાવાળું નિર્મળ અને નિત્ય છે-એમ જે મુનિ ચિંતવે છે તેને ઘણી નિર્જરા થાય છે. ૧૧૧.

ખરેખર કાંઈ શરીર મોહને ઉપજાવનારું નથી, પણ તેના તરફના વલણનો ભાવ થાય તો મમત્વ થાય છે, માટે નિમિત્ત તરીકે દેહને મમત્વનો ઉપજાવનાર કહ્યો છે. ચિદાનંદ સ્વભાવ તો નિર્મળ છે. તેના અવલંબને નિર્મોહદશા ઉપજે છે. આત્મા જ્ઞાયકશરીરી અવિનાશી છે, ને દેહ તો વિનાશીક છે, અપવિત્ર છે. પવિત્ર સ્વભાવનું અવલંબન બતાવવા માટે દેહને અપવિત્ર કહ્યો છે, ખરેખર તો દેહ પણ જ્ઞેય છે. દેહ તરફનું વલણ છોડીને ચૈતન્યના અવલંબને જે વિશેષ સ્થિર થાય છે તેને વિશેષ નિર્જરા થાય છે.

દેહ અપવિત્ર ને આત્મા પવિત્ર છે.

દેહ વિનાશી ને આત્મા અવિનાશી છે

દેહ મમત્વનો જનક ને આત્મા દર્શન-જ્ઞાન-ચારિત્રનો જનક.

આમ જાણીને પોતે પોતાના સ્વરૂપમાં સ્થિરતા વધારે છે, તેને ઘણી નિર્જરા થાય છે. આત્માના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે તે જ નિર્મળ-પવિત્ર અને નિત્ય છે, તેનાથી નિર્જરા થાય છે.

आत्मन यः निन्दयति गुणवंतां करोति बहुमानम् ।
मनइन्द्रियाणां विजयी स स्वरूपपरायणो भवति ॥११२॥

અર્થ :—જે સાધુ પોતાના સ્વરૂપમાં તત્પર થઈને પોતે કરેલાં દુષ્કૃતોની નિંદા કરે છે, ગુણવાન પુરુષોનો પ્રત્યક્ષ કે પરોક્ષ ઘણો આદર કરે છે તથા પોતાના મન ઇન્દ્રિયોને જીતે છે-વશ કરે છે તેને ઘણી નિર્જરા થાય છે. ૧૧૨.

સમ્યગ્દર્શનપૂર્વક સ્વરૂપમાં ઘણી લીનતા થઈ હોય તેવી સાધુદશાની આ વાત છે. જે પોતાના દોષની નિંદા કરે છે, ને ગુણવાન પુરુષોનો આદર કરે છે, તેને પણ નિર્જરા થાય છે. પ્રત્યક્ષ કે પરોક્ષ ગુણવાન પુરુષના ગુણોનું બહુમાન આવે તે ભાવ પણ નિર્જરાનું કારણ છે. કેમકે તેમાં પોતાને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો વિવેક અને બહુમાન છે. વળી જે મન-ઇન્દ્રિયોને જીતે છે એટલે કે અતીન્દ્રિય ચિદાનંદસ્વરૂપમાં ઠરે છે તેવા જીવોને ઘણી નિર્જરા થાય છે. સમયસારમાં કહે છે કે નિંદા-ગહણાનો શુભભાવ તે અશુદ્ધિ અને વિષકુંભ છે, અને અહીં કહે છે કે પોતાના દોષની નિંદા, ગુણી જીવોનું બહુમાન વગેરે ભાવો શુદ્ધ અને નિર્જરાનું કારણ છે; તો શું એ બે કથનમાં વિરોધ છે? વિરોધ નથી, પણ અપેક્ષા ભેદ છે. અહીં ગુણીજનોનું બહુમાન વગેરે વખતે પોતાને અંદરમાં જ્ઞાનની સ્થિરતાનો જે ભાવ વર્તે છે તેને મુખ્ય ગણીને નિર્જરા કહી છે, ને ત્યાં શુભરાગની મુખ્યતા ગણીને તેને વિષકુંભ કહ્યો છે. અહીં પણ જે રાગ છે તેને કાંઈ નિર્જરાનું કારણ નથી કહ્યું પણ તે રાગ વખતે અંદર સ્વભાવનું અવલંબન વર્તે છે ને શુદ્ધતા વધે છે, તેની પ્રધાનતા ગણીને તેને નિર્જરા કહી છે.

ચિદાનંદ સ્વભાવનું અવલંબન કરતાં મિથ્યાત્વાદિ દોષોનો નિરાદર થઈ જાય છે, ત્યાં પછી મિથ્યાત્વાદિ કર્મો ક્યાંથી ટકે? ખરી જ જાય. આ રીતે સ્વભાવના અવલંબને નિર્જરા થાય છે—એમ જાણવું.

[ ક્રમશઃ ]

# * જ્ઞાયકના આશ્રયે ધર્મ પ્રગટ કર *

જ્ઞાયક આત્મા નિત્ય અને અભેદ છે; દૃષ્ટિના વિષયભૂત એવા તેના સ્વરૂપમાં અનિત્ય શુદ્ધાશુદ્ધ પર્યાયો કે ગુણભેદ કાંઈ છે જ નહિ. પ્રયોજનની સિદ્ધિ માટે એ જ પરમાર્થ—આત્મા છે. તેના જ આશ્રયે ધર્મ પ્રગટ થાય છે. ૨૪૩.

[ 'બહેનશ્રીના વચનામૃત' ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

'જ્ઞાયક આત્મા નિત્ય અને અભેદ છે; દૃષ્ટિના વિષયભૂત એવા તેના સ્વરૂપમાં અનિત્ય શુદ્ધાશુદ્ધ પર્યાયો કે ગુણભેદ કાંઈ છે જ નહિ.

દ્રવ્યસ્વભાવની અપેક્ષાએ ભગવાન આત્મા નિત્ય અને અભેદ છે; પર્યાય-અપેક્ષાએ તેનામાં અનિત્ય શુદ્ધાશુદ્ધ પર્યાયો ને ગુણભેદ છે ખરા; પરંતુ દૃષ્ટિના વિષયભૂત એવા તેના સામાન્યસ્વરૂપમાં અનિત્ય—સમકિત આદિ શુદ્ધ તેમ જ રાગાદિ અશુદ્ધ—પર્યાયો તથા જ્ઞાન-દર્શન આદિ ગુણભેદ કાંઈ છે જ નહિ.

સમકિત અર્થાત્ દૃષ્ટિનો વિષય ત્રિકાળ એકરૂપ ધ્રુવ અભેદ જ્ઞાયકતત્ત્વ છે. સમકિતીને જ્યાં સુધી અભેદ દ્રવ્યસ્વભાવના આશ્રયે પર્યાયમાં પૂર્ણ વીતરાગતા પ્રગટ ન થાય ત્યાં સુધી તેને વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુની ભક્તિના, અણુવ્રત-મહાવ્રત વગેરેના શુભ રાગરૂપ વ્યવહાર ભૂમિકાનુસાર વચ્ચે આવે છે, પરંતુ તે ભાવ પુણ્યબંધનું કારણ છે, ધર્મનું—કર્મક્ષયનું—કારણ નથી.

કોઈ કહે કે—જિન પ્રતિમાને પૂજવાના ભાવ જ્યાં સુધી મિથ્યાત્વ હોય ત્યાં સુધી હોય, સમ્યક્ત્વ થયા પછી હોતા નથી; માટે જિનપ્રતિમાની પૂજા વગેરે ભાવ જૂઠા છે, વ્યર્થ છે. ભાઈ! તારી એ વાત જૂઠી છે. સમકિતી જ્ઞાનીને જ જિન પ્રતિમાનાં દર્શન-પૂજા-ભક્તિના સાચા ભાવ આવે છે. પં. બનારસીદાસજીએ કહ્યું છે કે—

कहत बनारसी अलप भव थिति जाकी,
सोई जिनप्रतिमा प्रवांने जिन सारखी ॥

જે સમ્યગ્દૃષ્ટિ જીવ છે તેને જિનપ્રતિમા જિન સરખી લાગે છે. વ્યવહાર પણ છે ને? નિશ્ચય તો અંદર પોતાનો ભગવાન આત્મા છે, તો તેના પ્રતિબિંબરૂપ ભગવાનની પ્રતિમાની પૂજા આદિ બધો વ્યવહાર પણ છે; નીચલી ભૂમિકામાં વચ્ચે

વ્યવહાર આવ્યા વિના રહેતો નથી. જિન પ્રતિમાની પૂજા વગેરેના શુભ ભાવ પુણ્યબંધનું કારણ છે, ધર્મનું નહિ. જિન પ્રતિમાને માનવું તે સ્થાપનાનિક્ષેપ છે. સાચો સ્થાપનાનિક્ષેપ ક્યારે હોય? જેને સમ્યગ્દર્શન પ્રગટ થયું હોય, આત્માનો નિર્વિકલ્પ અનુભવ થયો હોય, તેને જે ભાવશ્રુતજ્ઞાન પ્રગટ થયું છે તેના ભેદ નય છે. જ્ઞાનીને જ નિશ્ચયનય અને વ્યવહારનય હોય છે. સ્થાપનાનિક્ષેપ તે વ્યવહાર છે; તે તરફનો ઊઠતો ભાવ શુભરાગ છે તે પણ વ્યવહાર છે, ધર્મ નથી. ધર્મ નથી તો આવે છે કેમ? ભાઈ! નીચલી ભૂમિકામાં એવા ભાવ આવ્યા વિના રહેતા નથી.

ભગવાન કુંદકુંદાચાર્યદેવે પણ પ્રવચનસારમાં કહ્યું છે કે-જિનેન્દ્ર પૂજાનાં ઉપદેશની પ્રવૃત્તિ શુભોપયોગી મુનિઓને પણ હોય છે.

ઉપદેશ દર્શનજ્ઞાનનો, પોષણ-ગ્રહણ શિષ્યો તણું,
ઉપદેશ જિનપૂજા તણો—વર્તન તું જાણ સરાગનું.

જે મુનિ છે, સાચા સંત છે, આત્માના અનુભવી છે, ત્રણ કષાયનો નાશ કરીને છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝૂલનારા છે તેઓ પણ અરહંત આદિની પૂજાનો ઉપદેશ આપે છે. જ્ઞાનીને પણ જ્યાં સુધી શુદ્ધસ્વરૂપમાં એકાકાર ઠરી જવાની સ્થિતિ પ્રગટ થઈ ન હોય ત્યાં સુધી, જિનેન્દ્રપૂજા વગેરેના શુભભાવ આવે છે. જો શુભભાવ—વ્યવહાર—ન આવે તો શું કરે? અશુભમાં જાય? અશુભમાંથી બચવા માટે નીચલી દશામાં પૂજા વગેરેના શુભભાવ આવે, પણ જ્ઞાની તેને ધર્મ—સંવર-નિર્જરા—માનતા નથી.

જેમ પ્રતિમા જડ છે તેમ વાણી પણ જડ છે; છતાં શાસ્ત્રમાં જિનવાણીને પણ પૂજનીક કહી છે ને? તેમ પ્રતિમા પણ પૂજનીક છે. જેમ વાણી ભગવાન આત્માનું સ્વરૂપ સમજવામાં નિમિત્ત બને છે તેમ જિનપ્રતિમા પણ સ્વરૂપ સમજવામાં નિમિત્ત બને છે. પં. બનારસીદાસજીએ કહ્યું છે કે—

मुद्रा देखि केवलीकी मुद्रा याद आवै जहां,
जाके आगे इन्द्रकी विभूति दीसै तिनसी ।

*

कहत बनारसी सुमहिमा प्रगट जाकी ।
सोहै जिनकी छवि सुविद्यमान जिनसी ।।

જિનપ્રતિમાનાં દર્શન કરતાં કેવળી ભગવાનની મુદ્રા યાદ આવે છે. સમકિતીને પણ એવા શુભભાવ આવ્યા વિના રહેતા નથી. જ્યાં સુધી અંદરમાં રાગથી પૂર્ણ વિરતિ થઈ નથી ત્યાં સુધી જ્ઞાનધારા અને રાગધારા—બંને ધારા ચાલે છે. એ વાત સમયસાર-કળશટીકા (શ્લોક-૧૧૦)માં સ્પષ્ટપણે સમજાવી છે.

ભાવપાહુડની ૮૩ મી ગાથામાં કહ્યું છે કે—પૂજા, વ્રત, વૈયાવૃત્ય વગેરે જૈનધર્મ નથી, પણ અંદરમાં મોહ અને ક્ષોભના અભાવરૂપ નિર્મળ પરિણામ તે જૈનધર્મ છે. સ્વભાવની દૃષ્ટિ અને અનુભવ થયો છે એવા જ્ઞાનીને પણ—મુનિને પણ—એવો રાગ તો આવે છે.

આનંદઘનજી કહે છે :—

જેનો પક્ષ લઈને બોલું તે મનમાં સુખ માણે;
જેનો પક્ષ મૂકીને બોલું તે મનમાં ચિત તાણે.

પ્રતિમાની વાત આવે ત્યાં પ્રતિમા નહિ માનનારને વિરોધ લાગે. પણ ભાઈ! મોક્ષમાર્ગ-પ્રકાશકમાં કહ્યું છે : એવો કયો ઉપદેશ છે કે જેમાં બધા ખુશી થાય? બધા ખુશી થાય એવો કોઈ ઉપદેશ છે નહિ. ઉપદેશ તો નિશ્ચય અને વ્યવહાર બંનેનો આવે છે. પૂજા આદિનો જે નિષેધ કરે છે તેને વ્યવહારનું પણ જ્ઞાન નથી અને તેથી તેને નિશ્ચયનું પણ યથાર્થ જ્ઞાન હોય નહિ.

અહીં તો એમ કહે છે કે—દૃષ્ટિના વિષયભૂત એવા ત્રિકાળી ધ્રુવ જ્ઞાયક આત્માના સ્વરૂપમાં અનિત્ય શુદ્ધાશુદ્ધ પર્યાયો કે ગુણભેદ કાંઈ છે જ નહિ. પર્યાય કે ગુણભેદ દૃષ્ટિનો વિષય નથી. પરંતુ દૃષ્ટિની સાથે જે જ્ઞાન છે તે બધાને જાણે છે—નિમિત્તને જાણે, રાગને જાણે, પર્યાયને જાણે, ગુણભેદને જાણે, અભેદને જાણે અને વ્યવહાર કેવો હોય છે તેને પણ જ્ઞાન તો બરાબર જાણે છે. અહા! આવો માર્ગ છે.

અહીં જ્યાં નિશ્ચયની વાત ચાલતી હોય ત્યાં તે સાંભળીને કોઈ જીવો વ્યવહારને સર્વથા ઉડાડી દે છે; પણ ભાઈ! અહીં તો એમ કહેવાય છે કે—વ્યવહાર આવે છે તો ખરો પરંતુ તે ધર્મ નથી. વ્રત-તપાદિ ક્રિયાના શુભભાવ—ચરણાનુયોગનો વ્યવહાર—અંદર સ્વરૂપરમણતામાં ઝૂલનારા ભાવલિંગી મુનિરાજોને પણ આવે છે. સમકિતી જીવને ભાવશ્રુતજ્ઞાન હોય છે, અને તેથી તેને જ નય હોય છે; ભાવશ્રુત નથી માટે નય નથી; અને તેથી તેને સ્થાપનાનિક્ષેપરૂપ સાચો વ્યવહાર પણ હોઈ શકે નહિ.

એક સંપ્રદાય પૂજાને ઉડાડે ને એક સંપ્રદાય પૂજાથી મોક્ષ મનાવે, એક વ્યવહારને સાવ ઉડાડે ને એક વ્યવહારથી મોક્ષ મનાવે;—એ બંને અભિપ્રાય મિથ્યા છે.

પ્રશ્ન:—વ્યવહારથી પરંપરાએ મોક્ષ થાય એમ શાસ્ત્રમાં આવે છે ને?

ઉત્તર:—ભાઈ! પરંપરાનો અર્થ શો? જેને રાગથી ને વ્યવહારથી ભિન્ન નિજ શુદ્ધ જ્ઞાયકનું ભાન તેમ જ તેની અનુભૂતિ થઈ છે તેને નીચલી ભૂમિકામાં મંદ શુદ્ધિની સાથે જે પૂજા-ભક્તિ, સ્વાધ્યાય તથા વ્રતાદિના શુભભાવ આવે છે તે પરંપરાએ—વ્યવહારે—મોક્ષનું સાધન કહેવાય છે. ખરેખર તો તે વખતે અંદર સ્વભાવના આશ્રયે

વર્તતી જે મંદ શુદ્ધિ છે તે જ સાક્ષાત્ કારણરૂપ થઈને—ઉગ્ર શુદ્ધિરૂપ થઈને—મોક્ષ થાય છે. શુભ રાગ પણ આસ્રવ છે, આસ્રવને રાખીને પરંપરાએ મુક્તિ થશે—એમ છે જ નહિ. જેને સ્વભાવની દૃષ્ટિ ને અનુભૂતિ પ્રગટી છે એવા જ્ઞાનીને શુભભાવમાં આવતાં પ્રથમ અશુભનો અભાવ થાય છે અને પછી શુદ્ધોપયોગમાં આવતાં શુભનો પણ અભાવ થશે, માટે 'પરંપરાએ' કહેવામાં આવે છે.

સાધક જીવને શુદ્ધાશુદ્ધ પર્યાય હોય છે, પણ તે સમ્યગ્દર્શનનો વિષય નથી. સમ્યગ્દર્શનનો વિષય ત્રિકાળી અભેદ જ્ઞાયકભાવ છે. દૃષ્ટિમાં આશ્રય કરવાની શક્તિ છે, જાણવાની શક્તિ નથી; જાણવાની શક્તિ જ્ઞાનમાં છે. તે સમ્યગ્દર્શનને, તેના વિષયને, શુદ્ધાશુદ્ધ પર્યાયને, ગુણભેદને—બધાંને યથાર્થ જાણે છે. જ્ઞાનમાં તે બધું જણાતું હોવા છતાં તે સમ્યગ્દર્શનનો વિષય—આશ્રય—અવલંબન નથી.

## 'પ્રયોજનની સિદ્ધિ માટે એ જ પરમાર્થ—આત્મા છે.'

આત્માના પૂર્ણ પરમાનંદની પ્રાપ્તિ તથા દુઃખથી સંપૂર્ણ મુક્તિ તે પ્રયોજન છે. તે પ્રયોજનની પ્રાપ્તિ ભગવાન આત્માના—ત્રિકાળી ધ્રુવ જ્ઞાયકના—આશ્રયથી થાય છે. વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધાના, સત્શ્રવણ-વાંચન-વિચારના અને દયા-દાન કે વ્રત-તપ વગેરેના શુભભાવરૂપ વ્યવહાર વચ્ચે આવે છે તોપણ તેનાથી પ્રયોજનની સિદ્ધિ—ધર્મ કે મુક્તિ—થતી નથી.

## 'તેના જ આશ્રયે ધર્મ પ્રગટ થાય છે.'

સમાધિશતકમાં કહ્યું છે કે મુનિઓને ઉપદેશનો શુભભાવ આવે તે પણ ઉન્માદ છે. તે ઉન્માદ અસ્થિરતાનો—ચારિત્ર-અપેક્ષાનો—છે; તત્ત્વાર્થસૂત્રના પહેલા અધ્યાયમાં 'सदसतोरविशेषाद्यदृच्छोपलब्धेरुन्मत्तवत्' કહ્યું છે તે દર્શનમોહજનિત ઉન્માદ છે. અસ્થિરતાનો રાગ મુનિઓને પણ આવ્યા વિના રહેતો નથી, તોપણ છે એ ઉન્માદ. ભગવાન કુંદકુંદાચાર્યદેવને પણ 'દર્શાવું એક-વિભક્ત એ આત્મા તણા નિજ વિભવથી' એવો વિકલ્પ આવ્યો હતો જ ને? અહીં તો કહે છે કે—ધર્મીને એવા વ્યવહારના વિકલ્પ આવે, પણ તેની દૃષ્ટિ તેના ઉપર નથી. તેની દૃષ્ટિ તો અંદર, જેમાં અનંત ગુણના ખજાના પડ્યા છે એવા નિજ ધ્રુવ જ્ઞાયક પરમાત્મા પર સતત પડી છે. તે ધ્રુવ જ્ઞાયકના જ આશ્રયે ધર્મ—અતીન્દ્રિય આનંદ—પ્રગટ થાય છે.

—o—

# સુવર્ણપુરી ( સોનગઢ ) સમાચાર :—

* પરમ પૂજ્ય ગુરુદેવ સાતિશય ધર્મપુરુષ હતા. તેઓશ્રીના સાધનામય પુનીત પ્રતાપથી વિદેહધામ સમી સુવર્ણપુરી પણ સાતિશય અધ્યાત્મતીર્થ બની ગઈ છે. જે કોઈ દર્શનાર્થી અહીં આવે તે અહીંના શાન્ત, સ્વચ્છ, તથા ધર્મમય વાતાવરણથી સહજ પ્રભાવિત થઈ જાય છે. પૂજ્ય ગુરુદેવશ્રીની સાધનાભૂમિ, ધાર્મિક કાર્યક્રમ તથા વિવિધ ઉત્સવોથી હંમેશા ગુંજતી રહે છે. સવારે શ્રી જિનેદ્રપૂજા, પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના સવારે શ્રી સમયસાર સર્વવિશુદ્ધજ્ઞાન-અધિકાર ઉપર તથા સાંજે ઇષ્ટોપદેશ ઉપર બે વાર ટેઈપ પ્રવચન, બપોરે અષ્ટપાહુડ ઉપર બ્ર. શ્રી ચંદુભાઈનુ શાસ્ત્રવાંચન; સવારે ટેઈપ-પ્રવચન બાદ 'પંચાધ્યાયી' ઉપર પુરુષો માટે શિક્ષણવર્ગ, બપોરે શાસ્ત્ર-વાંચન બાદ જિનેન્દ્રભક્તિ વગેરે નિયમિત ચાલે છે.

* પરમ પૂજ્ય ગુરુદેવશ્રાના પરમભક્ત સ્વાનુભવવિભૂષિત પૂજ્ય બહેનશ્રી ચંપાબેન સ્વાત્મસાધનાની કુશળતા સાથે બિરાજે છે, શારીરિક સ્વાસ્થ્ય સામાન્ય ઠીક છે. દર્શનાર્થીઓ તથા મુમુક્ષુઓને તેઓશ્રીના દર્શન તથા પ્રશમરસસ્યન્દી અનુપમ વાણીનો લાભ પણ મળતો રહે છે.

**અષ્ટાહ્નિકા ઉત્સવ :**—સુવર્ણપુરીના 'શ્રી સીમંધર સ્વામી દિ. જિનમંદિર'ની મંગલ પ્રતિષ્ઠાનો ૪૬ મો વાર્ષિક અષ્ટાહ્નિકા મહોત્સવ પ્રતિવર્ષ પ્રમાણે મહા વદ ૧૦, તા. ૫-૩-૮૬ બુધવારથી ફાગણ સુદ ૨, તા. ૧૨-૩-૮૬ બુધવાર સુધી ઉજવાશે. આ વાર્ષિક મંગળ મહોત્સવ 'શ્રી વિંશતિ-વિહરમાન જિનમંડળવિધાનપૂજા,' જિનેદ્રભક્તિ વગેરે વિવિધ કાર્યક્રમો દ્વારા ઉજવાશે.

**નન્દીશ્વર જિનાલય વાર્ષિક પ્રતિષ્ઠોત્સવ**—પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પુનીત પ્રતાપથી સુવર્ણપુરીમાં નવનિર્મિત શ્રી પંચમેરુ-નન્દીશ્વર જિનાલયનો પ્રથમ વાર્ષિક પ્રતિષ્ઠોત્સવ ફાગણ શુદ ગુરુવાર તા. ૧૩-૩-૮૬ થી ફાગણ શુદ ૭ (બીજી) મંગળવાર, તા. ૧૮-૩-૮૬ સુધી શ્રી પંચકલ્યાણક-પૂજન તથા જિનેન્દ્રભક્તિ આદિ વિશેષ કાર્યક્રમ-પૂર્વક ઉજવાશે.

* પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની પવિત્ર સાધનાભૂમિમાં નવનિર્મિત શ્રી પંચમેરુ-નંદીશ્વર જિનાલયમાં તા. ૧૯-૩-૮૬ બુધવાર થી તા. ૨૬-૩-૮૬ બુધવાર સુધી ફાગણ માસની નન્દીશ્વર-અષ્ટાહ્નિકા, વિધાનપૂજા તથા જિનેદ્રભક્તિ આદિ કાર્યક્રમ દ્વારા ઉજવાશે. 'તેરહદ્વીપ પૂજા વિધાન'માંથી પૂજા થશે.

* ફાગણ સુદ ૧૩, સોમવાર, તા. ૨૪-૩-૮૬ના દિવસે 'શ્રી મહાવીર કુન્દકુન્દ દિગમ્બર જૈન પરમાગમમંદિર'ની વાર્ષિક પ્રતિષ્ઠા-તિથિ વિશેષ પૂજા તથા ભક્તિપૂર્વક આનંદોલ્લાસથી ઉજવાશે.

* પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૫૪ મી સમ્યક્ત્વ જયંતી [ ફાગણ વદ ૧૦, તા. ૪-૪-૮૬ ] તા. ૩૧-૩-૮૬, સોમવાર થી તા. ૪-૪-૮૬ શુક્રવાર—પાંચ દિવસ પૂજ્ય ગુરુદેવશ્રીના ટેઈપ-પ્રવચન, સમાગત વિદ્વાનોના શાસ્ત્રપ્રવચન આદિ અનેક કાર્યક્રમ દ્વારા ઉજવવામાં આવશે. આ શુભ-દિવસે—તા. ૪-૪-૮૬, શુક્રવારના દિવસે, શ્રી હિન્દીભાષી દિ. જૈન મુમુક્ષુવૃન્દ તરફથી ઉજવવામાં આવનાર પરમોપકારી કરુણાસાગર પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની ૯૭ મી જન્મજયંતીની વ્યવસ્થાના વિષયમાં વિચાર-વિમર્શ કરવા માટે હિન્દીભાષી મુમુક્ષુવૃંદ તરફથી એક સભા બોલાવવામાં આવી છે. તે વખતે વિચાર-વિનિમય માટે હિન્દીભાષી મુમુક્ષુવૃન્દને સાદર નિમંત્રણ છે.

* પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનને હીરાથી વધાવવાનો અમૂલ્ય લાભ પ્રાપ્ત થવાની ખુશાલીમાં કલકત્તાનિવાસી શ્રી શાંતિલાલ દલીચંદભાઈના પરિવાર તરફથી રૂા. ૫૦૦૭/— સંસ્થાના વિવિધ દાનખાતાઓ માટે જાહેર કરવામાં આવેલ છે.

—o—

## સંસ્થાના પ્રમુખ શ્રી હસમુખભાઈ વોરા તરફથી

# આવશ્યક સ્પષ્ટીકરણ

એક-બે જૈનપત્રના સમાચારમાં પ્રકાશિત કરવામાં આવ્યું છે કે મુંબઈ દિ. જૈન મુમુક્ષુમંડળ તરફથી કારતક માસની અષ્ટાહ્નિકાના અવસરે શ્રી સમ્મેદશિખરજીમાં આયોજિત શિક્ષણશિબિર વખતે દશ-બાર સજ્જન શ્રી દિ. જૈન મહાસમિતિના નવા સભ્ય બન્યા તેમાં મારા નામનો પણ ઉલ્લેખ છે. આ સમાચાર વાંચીને અનેક મહાનુભાવોના આશ્ચર્યયુક્ત પત્રો આવી રહ્યા છે. તેના માટે સ્પષ્ટીકરણ કરવું હું આવશ્યક સમજું છું.

હું દિ. જૈન મહાસમિતિનો સભ્ય બન્યો નથી, તેનો સભ્ય બનવાનો મારો બિલકુલ વિચાર પણ નથી અને તેની સભ્ય-ફી પણ મેં ભરી નથી.

—o—

## વૈરાગ્ય સમાચાર :—

* અભાનાનિવાસી શ્રી દરબારીલાલ છતપુરિયા તા. ૮–૧૨–૮૫ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* દિલ્હીનિવાસી શ્રી કૌશલકુમાર પ્રેમચંદજી જૈન ( વર્ષ–૪૭ ) તા. ૧૨–૧૨–૮૫ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* બરવાળા ( ઘેલા શાહ ) નિવાસી ( હાલ ગોરેગાંવ ) શ્રી અનિલકુમાર મગનલાલ ( વર્ષ–૪૨ ) તા. ૨૪–૧૨–૮૫ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* કાંદિવલીનિવાસી શ્રી મિનેશ મનહરલાલ ભાયાણી ( વર્ષ–૧૮ ) તા. ૨૭–૧૨–૮૫ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* રાજકોટનિવાસી ( હાલ માંટુગા ) શ્રી સરલાબેન જયંતિભાઈ સંઘવી (વર્ષ-૭૩) તા. ૨૯–૧૧–૮૫ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* તલોદનિવાસી બ્ર. શ્રી કેશવલાલ ગાંધી ( વર્ષ–૬૪ ) તા. ૩૧–૧૨–૮૫ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ પૂજ્ય ગુરુદેવશ્રીની વાણીથી પ્રભાવિત થઈને અનેકવાર લાભ લેવા આવતા હતા.

* જોરાવરનગરનિવાસી શ્રી કંચનબહેન અમુલખભાઈ ( વર્ષ–૭૦ ) તા. ૧–૧–૮૬ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* મુંબઈ નિવાસી શ્રી ચંદનબેન હિંમતલાલ તલસાણીયા ( વર્ષ–૭૫ ) તા. ૪–૧–૮૬ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* રાજકોટનિવાસી શ્રી સમરતબેન હીરાચંદ શાહ ( વર્ષ–૯૬ ) તા. ૬–૧–૮૬ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* રાજકોટનિવાસી શ્રી મૂળજીભાઈ નરશીભાઈ પટેલ ( વર્ષ–૫૫ ) તા. ૭–૧–૮૬ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* અમદાવાદ નિવાસી ( હાલ મુંબઈ ) ચંપાબેન જેશીંગભાઈ ( વર્ષ–૯૯ ) [ તે શ્રી મયાભાઈ જે. શાહ તથા વીમળાબેન સારાભાઈના માતુશ્રી ] તા. ૮–૧–૮૬ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* કુરાવડનિવાસી શ્રી પન્નાલાલજી ( બ્ર શ્રી ઝમકલાલજીના મોટાભાઈ ) ( વર્ષ–૫૬ ) તા. ૧૪–૧–૮૬ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* અમદાવાદનિવાસી શ્રી જયંતિલાલ મલુકચંદ શાહ ( વર્ષ–૫૮ ) તા. ૨૮–૧–૮૬ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

સ્વર્ગસ્થ આત્માઓને વીતરાગી દેવ-શાસ્ત્ર–ગુરુ પ્રત્યે અત્યંત ભક્તિભાવ હતો. કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીની ભવતાપહારિણી અધ્યાત્મવાણીનો રુચિપૂર્વક ઘણો લાભ લીધો હતો. વીતરાગી દેવ–ગુરુ–ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

—०—

# વેચાણ વિભાગ

## (અ–મૂળશા )

| ક્રમાંક | શાસ્ત્રનું નામ | ભાષા | કિંમત |
|---|---|---|---|
| ૧ | શ્રી સમયસાર | ગુજરાતી | ૧૫–૦૦ |
| ૨ | ,, સમયસાર | હિન્દી | અપ્રાપ્ય |
| ૩ | ,, પ્રવચનસાર | ગુજરાતી | ૧૫–૦૦ |
| ૪ | ,, પ્રવચનસાર | હિન્દી | અપ્રાપ્ય |
| ૫ | ,, નિયમસાર | ગુજરાતી | ૯–૦૦ |
| ૬ | ,, નિયમસાર | હિન્દી | અપ્રાપ્ય |
| ૭ | ,, પંચાસ્તિકાય સંગ્રહ | ગુજરાતી | ૯–૦૦ |
| ૮ | ,, પંચાસ્તિકાય સંગ્રહ | હિન્દી | અપ્રાપ્ય |
| ૯ | ,, અષ્ટપાહુડ | હિન્દી | ૧૬–૦૦ |
| ૧૦ | ,, કાર્તિકેયાનુપ્રેક્ષા | હિન્દી | ૬–૫૦ |
| ૧૧ | ,, પદ્મનંદી પંચવિંશતિકા | ગુજરાતી | અપ્રાપ્ય |
| ૧૨ | ,, મોક્ષમાર્ગ પ્રકાશક | ગુજરાતી | ૧૪–૦૦ |
| ૧૩ | ,, મોક્ષમાર્ગ પ્રકાશક | હિન્દી | ૭–૦૦ |
| ૧૪ | ,, પરમાત્મપ્રકાશ | ગુજરાતી | ૧૧–૨૫ |
| ૧૫ | ,, આત્માનુશાસન | ,, | ૭–૦૦ |
| ૧૬ | ,, યોગસાર પ્રાભૃત | ,, | ૮–૨૫ |
| ૧૭ | ,, રત્નકરંડ શ્રાવકાચાર | ,, | ૬–૦૦ |
| ૧૮ | ,, અનુભવ પ્રકાશ | ,, | ૧–૨૫ |
| ૧૯ | ,, અનુભવ પ્રકાશ | હિન્દી | ૩–૦૦ |
| ૨૦ | ,, સમયસાર કલશટીકા | ગુજરાતી | ૭–૦૦ |
| ૨૧ | ,, સમયસાર કલશટીકા | હિન્દી | અપ્રાપ્ય |
| ૨૨ | ,, સમયસાર નાટક | ગુજરાતી | ૭–૦૦ |
| ૨૩ | ,, સમયસાર નાટક | હિન્દી | ૭–૫૦ |
| ૨૪ | ,, દ્રવ્ય-સંગ્રહ | ગુજરાતી | ૧–૫૦ |
| ૨૫ | ,, દ્રવ્ય-સંગ્રહ | હિન્દી | ૨–૫૦ |
| ૨૬ | ,, બૃહદ્ દ્રવ્ય-સંગ્રહ | ,, | ૮–૦૦ |

| ક્રમાંક | શાસ્ત્રનું નામ | ભાષા | કિંમત |
|---|---|---|---|
| ૨૭ | શ્રી પુરુષાર્થસિદ્ધિઉપાય | ગુજરાતી | ૫–૦૦ |
| ૨૮ | ,, પુરુષાર્થસિદ્ધિઉપાય | હિન્દી | ૫–૦૦ |
| ૨૯ | ,, છહઢાળા ( સચિત્ર ) | ગુજરાતી | ૧–૭૫ |
| ૩૦ | ,, છહઢાળા ( સચિત્ર ) | હિન્દી | અપ્રાપ્ય |
| ૩૧ | ,, ચિદ્‌-વિલાસ | ગુજરાતી | ૧–૭૫ |
| ૩૨ | ,, ચિદ્‌-વિલાસ | હિન્દી | અપ્રાપ્ય |
| ૩૩ | ,, મોક્ષશાસ્ત્ર અર્થાત્ તત્ત્વાર્થસૂત્ર | ગુજરાતી | ૨૫–૦૦ |
| ૩૪ | શ્રી મોક્ષશાસ્ત્ર અર્થાત્ તત્ત્વાર્થસૂત્ર | હિન્દી | અપ્રાપ્ય |
| ૩૫ | ,, આત્માવલોકન | ગુજરાતી | ,, |
| ૩૬ | ,, સમાધિતંત્ર | ,, | ,, |
| ૩૭ | ,, જૈન સિદ્ધાન્ત પ્રવેશિકા (મોટી) | (ગુજ.) | પ્રેસમાં |
| ૩૮ | ,, લઘુ જૈન સિદ્ધાન્ત પ્રવેશિકા | ગુજ. | ૧–૫૦ |
| ૩૯ | ,, A short Reader To Jain Doctrines | English | ૦–૭૫ |
| ૪૦ | ,, લઘુ જૈન સિદ્ધાન્ત પ્રવેશિકા | હિન્દી | અપ્રાપ્ય |
| ૪૧ | ,, સત્તાસ્વરૂપ | ગુજરાતી | અપ્રાપ્ય |
| ૪૨ | ,, સત્તા સ્વરૂપ | હિન્દી | ,, |
| ૪૩ | ,, સમ્યગ્જ્ઞાનદીપિકા | ગુજરાતી | ,, |
| ૪૪ | ,, સામયિક પાઠ | ,, | ,, |
| ૪૫ | ,, બહેનશ્રીનાં વચનામૃત | ,, | ૩–૦૦ |
| ૪૬ | ,, બહેનશ્રીનાં વચનામૃત | હિન્દી | ૩–૦૦ |
| ૪૭ | ,, બહિનશ્રીનાં વચનામૃત | મરાઠી | ૩–૦૦ |
| ૪૮ | ,, બહિનશ્રીનાં વચનામૃત | કન્નડ | અપ્રાપ્ય |

## (બ-પ્રવચન સાહિત્ય)

**ક્રમાંક શાસ્ત્રનું નામ ભાષા કિંમત**

૧ શ્રી પ્રવચન રત્નાકર ગુજરાતી
ભા-૧ અપ્રાપ્ય ભા-૬ ૭-૦૦
ભા-૨ ૫-૦૦ ભા-૭ ૮-૦૦
ભા-૩ ૬-૦૦ ભા-૮ ૧૦-૦૦
ભા-૪ ૭-૫૦ ભા-૯ ૧૦-૦૦
ભા-૫ ૮-૦૦ સેટ ૬૨-૦૦
૨ શ્રી સમયસાર પ્રવચન ભા-૧,૨,૩,૪
ગુજરાતી અપ્રાપ્ય
૩ શ્રી સમયસાર પ્રવચન હિન્દી
ભા-૧ ૬-૦૦ ભા-૨ ૭-૦૦ ભા-૩ ૭-૦૦
ભા-૪ ૮-૦૦ સેટ ૨૮-૦૦
૪ શ્રી નિયમસાર પ્રવચન ભા-૧,૨
ગુજરાતી અપ્રાપ્ય
૫ ,, શ્રાવકધર્મ પ્રકાશ ,, ૫-૦૦
૬ ,, શ્રાવકધર્મ પ્રકાશ હિન્દી ૬-૦૦
૭ ,, અપૂર્વ અવસર પર પ્રવચન ગુજરાતી ૩-૦૦
૮ ,, મુક્તિનો માર્ગ ,, અપ્રાપ્ય
૯ ,, મુક્તિનો માર્ગ હિન્દી અપ્રાપ્ય
૧૦ ,, આત્મસિદ્ધિ શાસ્ત્ર પર પ્રવચન
ગુજરાતી ૮-૦૦
૧૧ શ્રી પરમાગમસાર ,, ૧૧-૨૫
૧૨ ,, પરમાગમસાર હિન્દી ૧૧-૨૫
૧૩ ,, વચનામૃત પ્રવચન ગુજરાતી
ભાગ-૧,૨,૩ દરેકના ૧૨-૦૦ સેટ ૩૬-૦૦

**ક્રમાંક શાસ્ત્રનું નામ ભાષા કિંમત**

૧૪ શ્રી ધન્યાવતાર ગુજરાતી ૨-૦
૧૫ ,, ધન્યાવતાર હિન્દી ૨-૦
૧૬ ,, અધ્યાત્મ-સંદેશ ગુજરાતી ૫-૫
૧૭ ,, અધ્યાત્મ-સંદેશ હિન્દી અપ્રાપ્ય
૧૮ ,, મૂલમેં ભૂલ ,, ,,
૧૯ ,, મૂળમાં ભૂલ ગુજરાતી ૧-૦
૨૦ ,, વસ્તુવિજ્ઞાનસાર ,, ૬-૦
૨૧ ,, વસ્તુવિજ્ઞાનસાર હિન્દી અપ્રાપ્ય
૨૨ ,, મોક્ષમાર્ગકી કિરણેં ભા.-૧,૨,
હિન્દી અપ્રાપ્ય
૨૩ શ્રી મોક્ષમાર્ગનાં કિરણો ભા-૧,૨,
ગુજરાતી અપ્રાપ્ય
૨૪ ,, દસલક્ષણધર્મ પ્રવચન ગુજરાતી અપ્રાપ્ય
૨૫ ,, દસલક્ષણધર્મ પ્રવચન ) હિન્દી ,,
૨૬ ,, પંચકલ્યાણક પ્રવચન ગુજરાતી ,,
૨૭ ,, અનુભવ પ્રકાશ પ્રવચન ,, ૭-૦
૨૮ ,, વીતરાગ વિજ્ઞાન છઢાળા પ્રવચન ગુજરાતી
ભા-૧, ૧-૨૫ ભા-૩, ૩-૦૦
ભા-૨, ૧-૫૦ ભા-૪, ૨-૨૫ સેટ ૮-૦
૨૯ શ્રી વીતરાગ વિજ્ઞાન ( છઢાળા પ્રવચન હિન્દી
ભા-૧. ૨-૭૫, ભા-૨ ૧-૭૫ ભા-૩ ૩-૦૦
૩૦ શ્રી અલિંગગ્રહણ પ્રવચન ગુજરાતી ૦-૭

## ક-પૂજા-ભક્તિ-સ્તવન વગેરે રચનાઓ

**ક્રમાંક શાસ્ત્રનું નામ ભાષા કિંમત**

૧ શ્રી પંચમેરુ નંદીશ્વર પૂજાવિધાન હિન્દી ૫-૦૦
૨ ,, દસલક્ષણ વ્રત વિધાન પૂજા ,, અપ્રાપ્ય

**ક્રમાંક શાસ્ત્રનું નામ ભાષા કિંમત**

૩ શ્રી મહાવીર ભજન પૂજા સંગ્રહ
ગુજરાતી ૧-૦

| ક્રમાંક | શાસ્ત્રનું નામ | ભાષા | કિંમત |
|---|---|---|---|
| ૪ | શ્રી જિન સહસ્ર વસુનામ પૂજા | હિન્દી | ૭–૫૦ |
| ૫ | ,, વિધાન પૂજા–સંગ્રહ (પંચકલ્યાણક વિધાન, પંચપરમેષ્ઠી વિધાન, ચોસઠ ઋદ્ધિ વિધાન, વિશંતિતીર્થંકરવિધાન) | હિન્દી | ૮–૦૦ |
| ૬ | ,, જિનેન્દ્ર સ્તવનાવલી | ગુજરાતી | અપ્રાપ્ય |
| ૭ | ,, સ્તવન મંજરી | ,, | ૫–૦૦ |
| ૮ | ,, જૈન સ્તવનમાળા | ,, | અપ્રાપ્ય |
| ૯ | શ્રી જિનેન્દ્ર ભજનમાળા | ,, | ૨–૦૦ |
| ૧૦ | ,, શાસ્ત્ર સ્વાધ્યાય | ,, | પ્રેસમાં |
| ૧૧ | ,, સમાધિતંત્ર દોહરા | ,, | ૦–૫૫ |
| ૧૨ | ,, અષ્ટપ્રાભૃત ગુટકો | ,, | ૧–૦૦ |
| ૧૩ | ,, સમવસરણ સ્તુતિ | ,, | ૧–૦૦ |
| ૧૪ | ,, ગુરુસ્તુતિ સંગ્રહ | ,, | ૧–૫૦ |
| ૧૫ | ,, સર્વ સામાન્ય પ્રતિક્રમણ | ,, | ૨–૦૦ |

## ડ–અન્ય રચનાઓ

| ક્રમાંક | શાસ્ત્રનું નામ | ભાષા | કિંમત |
|---|---|---|---|
| ૧ | શ્રી અધ્યાત્મપરાગ | ગુજરાતી | ૩–૦૦ |
| ૨ | ,, જ્ઞાનામૃત | ,, | ૨–૦૦ |
| ૩ | ,, જ્ઞાનામૃત | હિન્દી | અપ્રાપ્ય |
| ૪ | ,, નિર્ભ્રાન્તદર્શનની કેડિયે | ગુજરાતી | ૨–૦૦ |
| ૫ | ,, નિર્ભ્રાન્ત દર્શનકી પગદંડી પર | હિન્દી | અપ્રાપ્ય |
| ૬ | ,, સોગાનીજીના આધ્યાત્મિક-પત્રો | ગુજરાતી | ૨–૦૦ |
| ૭ | શ્રી દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ ભાગ–૩ | ગુજ. | ૪–૫૦ |
| ૮ | ,, ધર્મની ક્રિયા | ગુજરાતી | અપ્રાપ્ય |
| ૯ | ,, ધર્મકી ક્રિયા | હિન્દી | ,, |
| ૧૦ | ,, જૈન બાલપોથી ભાગ–૧ | ગુજરાતી | પ્રેસમાં |
| ૧૧ | ,, જૈન બાલપોથી ભાગ–૨ | ,, | ૦–૬૦ |
| ૧૨ | ,, જૈન બાલપોથી | મરાઠી | અપ્રાપ્ય |
| ૧૩ | ,, જૈન બાલપોથી | હિન્દી | પ્રેસમાં |
| ૧૪ | ,, Jain Primer | English | ૨–૫૦ |
| ૧૫ | ,, મહારાણી ચેલણા | ગુજરાતી | ૧–૦૦ |
| ૧૬ | ,, ભગવાન પારસનાથ | ,, | ૧–૨૫ |
| ૧૭ | ,, અધ્યાત્મ યુગસ્રષ્ટા યુગ પુરુષ શ્રી કાનજી સ્વામી | ગુજરાતી | ૨–૦૦ |
| ૧૮ | શ્રી અધ્યાત્મ યુગસ્રષ્ટા યુગ પુરુષ શ્રી કાનજી સ્વામી | હિન્દી | અપ્રાપ્ય |

## સૂચના

અપ્રાપ્ય ગ્રંથો છપાવવાની તૈયારીઓ ચાલી રહી છે. જે કોઈ મુમુક્ષુ ભાઈ-બહેનો અને મુમુક્ષુ મંડળોને ઉપરનાં અપ્રાપ્ય ગ્રંથોની જરૂરત હોય તેઓ મહેરબાની કરીને ટ્રસ્ટને તુરત જ લખે, જેથી તે ગ્રંથો જરૂરી સંખ્યામાં છપાવી શકાય.

[ સામે પાનેથી ચાલુ ]

અહીં સોનગઢમાં, પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રતાપે, ધર્મસાધના માટે ચોથા આરા જેવો કાળ છે. જે કોઈ મુમુક્ષુ પાસે આજીવિકા પૂરતું સાધન હોય અને જે શરીરે સશક્ત હોય તેમણે પોતાનું જીવન સાર્થક કરવા માટે અહીં જ રહેવું જોઈએ. અહીં જેવી પવિત્ર ભૂમિ બીજે નથી. અહીંના રજકણો પૂજ્ય ગુરુદેવશ્રીના પગલાંથી પવિત્ર બન્યા છે. પૂજ્ય ગુરુદેવશ્રીની જે વાણી–સિંહગર્જના–કાને સંભળાતી હતી તે જ વાણી હાલ ટેઈપમાં ગર્જી રહી છે, તેના જ ભણકારા હૃદયમાં રમી રહ્યા છે. × × × પૂજ્ય ગુરુદેવશ્રી નાઈરોબી પધાર્યા ત્યારે મોમ્બાસા અમારે ઘરે પધારવાથી અમને ઘણો લાભ મળ્યો હતો તે દિવસો જીવનમાં કદી ભુલાશે નહિ. પૂજ્ય ગુરુદેવશ્રીની અમારા ઉપર ઘણી કૃપા હતી.

જેમને પૂજ્ય ગુરુદેવશ્રીની વાણી કાને પડી છે, સમજાણી છે અને હૃદયમાં રમી રહી છે તેમણે પોતાના ભલા ખાતર અહીં જ રહીને જીવનસાધના કરવી જોઈએ. ફરી ફરી આવો અવસર મળવો દુર્લભ છે. પૂજ્ય ગુરુદેવશ્રીની ઉપસ્થિતિમાં શિયાળા ટાણે પ્રવચનમાં શ્રોતાઓની સંખ્યા ઓછી રહેતી, ત્યારે ગુરુદેવશ્રી કહેતા 'ટાઢી મોસમ છે; તે જ દિવસોમાં અત્યારે તે વખત કરતાં લગભગ દોઢી સંખ્યા ટેઈપ–પ્રવચનમાં હોય છે; તેથી જણાય છે કે આવતાં પાંચ વર્ષમાં અત્યારથી બમણી સંખ્યા પ્રવચનમાં હશે. મનુષ્યમાત્ર સુખની શોધમાં છે. તે સુખની પ્રાપ્તિ માટે અહીંનું જ સ્થળ ઉત્તમ છે, આવું બીજે ક્યાંય નથી.

અહીં રહેનારાં કેટલાંક આર્થિકસ્થિતિએ નબળાં મુમુક્ષુ ભાઈબહેનોને રહેવાની ને ભોજનની સગવડ સંસ્થા, પોતાની આર્થિક મર્યાદામાં રહીને, વાત્સલ્યભાવે આપે છે તે સારી વાત છે અને જેમ જેમ આર્થિક સ્થિતિ સુધરતી જશે તેમ તેમ વધારે સારી સગવડ કરી આપવાની સંસ્થાની જે ભાવના છે તે ઘણી જ પ્રશંસનીય છે. અહીં આવીને રહેવાથી પૂર્વે ૧૯ વર્ષ સુધી લીધેલો બધો લાભ તાજો થયો છે અને બધાં મુમુક્ષુ ભાઈબહેનોને મળીને તથા તેમનો વાત્સલ્યભાવ જોઈને આનંદ સાથે સંતોષ થયો છે. અમારી ભાવના અહીંની સેવાસમિતિના ભોજનાલયમાં ધ્રુવફંડ ખાતે અઢી લાખ રૂપિયા આપવાની થઈ છે. તેની આવક કાયમી ભોજનાલયમાં વપરાય–એવી અમારી ભાવના સ્વીકારી તેથી અહીંની સંસ્થાનો અમે ઘણો જ આભાર માનીએ છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રતાપે આપણને સુખનો માર્ગ મળ્યો છે, ભગવાન સાક્ષાત્ હાજર હોય એવું ગુરુદેવે આપ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રી અહીં પધાર્યા ત્યારે કોઈને એવી કલ્પના નહિ હોય કે સોનગઢ આવું તીર્થધામ બનશે મને તો એમ લાગે છે કે આ તીર્થધામ દિવસે દિવસે ઘણું વધશે અને હજારો મુમુક્ષુઓ અહીં આવીને રહેશે પૂજ્ય ગુરુદેવશ્રીના પુણ્ય પ્રતાપે ધાર્યા કરતાં વધારે જ વૃદ્ધિ થયા કરશે.

અમે આવતી કાલે જવાના હોવાથી ઉપરોક્ત ભાવના વ્યક્ત કરેલ છે. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીનો અનંતો ઉપકાર વર્તે છે. તેઓશ્રીને કોટિ કોટિ વંદન. શ્રી સદ્ગુરુદેવનો જય હો.

# મુમુક્ષુ ભાઈશ્રી ભગવાનજી કચરાભાઈ શાહના
# હાર્દિક ઉદ્દગારો

મોમ્બાસા (કેન્યા) નિવાસી હાલ (લંડન) ઉદ્યોગપતિ શેઠ શ્રી ભગવાનજીભાઈ કચરાભાઈ શાહે–પૂજ્ય ગુરુદેવશ્રીની સાધનાભૂમિમાં જિનાલયોનાં દર્શન, ટેઈપ–પ્રવચન, પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનાં દર્શન તથા ધર્મચર્ચા અને ભરચક ધાર્મિક વાતાવરણ વગેરેથી પ્રસન્ન થઈને–ભોજનાલયના ધ્રુવફંડ ખાતે પોતા તરફથી અઢી લાખ રૂપિયાના દાનની ઘોષણા પ્રસંગે પ્રગટ કરેલી હૃદયની ભાવના.

પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીનો જય હો.
પૂજ્ય ભગવતી માતાનો જય હો.

સર્વ મુમુક્ષુ ભાઈઓ, બહેનો અને ટ્રસ્ટીઓ!

આપની સમક્ષ થોડુંક બોલવા ઊભો થયો છું. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રતાપે સોનગઢ તીર્થધામ બન્યું છે. અહીંનાં જિનાલયોનાં–જિનમંદિર, પરમાગમમંદિર, નંદીશ્વરજિનાલય અને સમાધિમંદિર વગેરેનાં–દર્શનનો લાભ મળતાં ઘણો આનંદ થયો છે.

અમોએ ઈ. સં. ૧૯૫૦ થી ૧૯૬૭, લગભગ ૧૬ વર્ષ સુધી સોનગઢમાં રહીને પૂજ્ય ગુરુદેવશ્રીના સમાગમ અને વાણીનો ઘણો જ લાભ લીધો છે. અમારા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીની ઘણી જ કૃપા હતી. તબિયતના કારણે પરિવાર પાસે આફ્રિકા જવાનું થયું અને હાલ લંડન રહીએ છીએ. ૪ વર્ષ પહેલાં અહીં આવીને ૧૦ દિવસ રહેલ ત્યારે પૂજ્ય બહેનશ્રીનાં દર્શન તેમ જ ધર્મચર્ચાનો લાભ મળ્યો હતો. અહીંના નવનિર્મિત નંદીશ્વરજિનાલયની મનોહર રચના જોઈને તથા તેમાં બિરાજમાન જિનભગવંતોનાં દર્શન કરીને ઘણો જ આનંદ થયો છે. તેની રચના આશ્ચર્ય ઉપજાવે તેવી સુંદર છે. આવું પરમાગમમંદિર અને નંદીશ્વરજિનાલય દેશભરમાં બીજે ક્યાંય જોયું નથી. ઘણા યાત્રાળુઓ દરરોજ અહીં આવીને, દર્શન કરીને ઘણો જ પ્રમોદભાવ વ્યક્ત કરતા હોય છે.

અમે અહીં બે માસથી આવ્યા છીએ. અહીં પૂજ્ય ગુરુદેવશ્રીનો વિયોગ ઘણો જ સાલે છે, છતાં તેઓશ્રીનાં ટેઈપ–પ્રવચનો સાંભળતાં જાણે ગુરુદેવશ્રી હાજર જ છે એવું લાગે છે. પૂજ્ય બહેનશ્રી અહીં બિરાજી રહ્યાં છે જેથી સોનગઢની શોભા છે. તેમનાં દર્શનથી અને તત્ત્વચર્ચા સાંભળવાથી આનંદ ઊપજે છે. પૂજ્ય ગુરુદેવશ્રીએ અહીં, ૪૫ વર્ષ સુધી, ભગવાનની દિવ્યધ્વનિનો સાર સમજાવ્યો છે. જેથી અહીંની પવિત્ર તીર્થભૂમિમાં રહીને સત્–ધર્મની સાધના સહેજે થઈ શકે છે. આવું સ્થળ ભારતભરમાં બીજે ક્યાંય નથી. અહીં રહેનારાઓમાં–ઘણાં બ્ર. બહેનો પૂજ્ય બહેનશ્રીના આશ્રયે પોતાનું જીવન જીવીને સત્ધર્મની સાધના કરી રહ્યાં છે, તેઓ ઘણાં જ ભાગ્યશાળી છે, તેઓને ધન્યવાદ ઘટે છે; બીજાં ઘણાં મુમુક્ષુ ભાઈબહેનો અહીં તીર્થભૂમિમાં રહીને પોતાનું કલ્યાણ કરી રહ્યાં છે. અહીં સવારે અને સાંજે પૂજ્ય ગુરુદેવશ્રીનાં ટેઈપ–પ્રવચનો ચાલે છે અને બપોરે શાસ્ત્રના આધારે વાંચન સારી રીતે ચાલે છે, જેનો લાભ જિજ્ઞાસુઓને મળી રહ્યા છે.

[ વધુ માટે સામે પાને જુઓ. ]

## * આત્મધર્મના આજીવન સભ્યોની નામાવલિ *

૨૧૫૬ શ્રી રતીલાલ અંદરજી દોશી કલકત્તા
૨૧૫૭ ,, અપૂર્વ વિનયચંદ શાહ અમદાવાદ
૨૧૫૮ ,, હિંમતલાલ શીવલાલ ગોપાણી બોટાદ
૨૧૫૯ ,, ડોસરભાઈ હેમાણી કલકત્તા
૨૧૬૦ ,, અરૂણુભાઈ ખંડેરીયા ,,
૨૧૬૧ ,, જયકુમારજી જૈન દિલ્હી
૨૧૬૨ ,, ઇન્દુબેન જીતેન્દ્રકુમાર ભુતા સંતરામપુર
૨૧૬૩ ,, શાહ પ્રાણુલાલ મોહનલાલ થાનગઢ
૨૧૬૪ ,, દીલીપ પી. શાહ મુંબઈ
૨૧૬૫ ,, મોહનલાલ હરજીવનદાસ જૈન ઉમરાળા
૨૧૬૬ ,, સંજય ઓટોમોબાઈલ્સ મોરબી
૨૧૬૭ ,, મહેશભાઈ પોપટલાલ શાહ મુંબઈ
૨૧૬૮ ,, રાજેષભાઈ પોપટલાલ કમાણી વિસાવદર
૨૧૬૯ ,, પ્રવિણુચંદ્ર નથુભાઈ મહેતા જામનગર
૨૧૭૦ ,, કંકુબેન પદમશી શાહ ઈડર
૨૧૭૧ ,, અમૃતલાલ ચુનીલાલ વોરા ,,
૨૧૭૨ ,, સરયુબેન પ્રવિણુચંદ્ર શાહ અમદાવાદ
૨૧૭૩ ,, નિકુંજબેન યોગેન્દ્રકુમાર શાહ ,,
૨૧૭૪ ,, વાડીલાલ જુઠાલાલ જોગાણીઆ મુંબઈ
૨૧૭૫ ,, સુરેશભાઈ આર. દેસાઈ ,,
૨૧૭૬ ,, વસંતભાઈ ચુનીલાલ રવાણી અમદાવાદ
૨૧૭૭ શ્રી જયંતીલાલ ચમનલાલ દોશી વઢવાણ
૨૧૭૮ ,, નગીનદાસ કેશવલાલ શાહ ,,
૨૧૭૯ ,, ચંપકલાલ કે. જૈન મુંબઈ
૨૧૮૦ ,, ધનવંતરાય વ્રજલાલ કોઠારી ભાવનગર
૨૧૮૧ ,, રમણીકલાલ લાલચંદ અજમેરા ગઢડા
૨૧૮૨ ,, કાંતીભાઈ લલુભાઈ મહેતા ભાવનગર
૨૧૮૩ ,, નગીનદાસ બાબુભાઈ શાહ મુંબઈ
૨૧૮૪ ,, મોતીબેન કપૂરચંદ ચેલા
૨૧૮૫ ,, વિમલ ધીરજલાલ તંબોલી ભાવનગર
૨૧૮૬ ,, મંજુલાબેન રમેશચંદ્ર વ્યાસ બોટાદ
૨૧૮૭ ,, પ્રવિણુચંદ્ર નગીનદાસ શાહ સુરેન્દ્રનગર
૨૧૮૪ ,, શારદાબેન આર. કોઠારી રાજકોટ
૨૧૮૯ ,, લીલાબેન મુંબઈ
૨૧૯૦ ,, નંદલાલ જીવણુલાલ શાહ લીંબડી
૨૧૯૧ જ્યોત્સનાબેન હસમુખભાઈ મહેતા ભાવનગર
૨૧૯૨ શ્રી શાંતીલાલ વર્ધમાન દેસાઈ અમદાવાદ
૨૧૯૩ ,, મનસુખલાલ જીવરાજભાઈ મોરબી
૨૧૯૪ ,, પ્રવિણુચંદ્ર ગુલાબચંદ શાહ મુંબઈ
૨૧૯૫ ,, નવીનભાઈ પી. શાહ મુંબઈ
૨૧૯૬ ,, જયંતીલાલ ડી. ગાંધી હૈદરાબાદ

[ આજીવન સભ્ય-ફી ૧૦૧=૦૦ (ક્રમશઃ) ]

Licence No. 3
'Licensed to post
without prepayment'

If undelivered please return to :-
Shri Dig. Jain Swadhyay Mandir
Trust, SONGAD-364 250-INDIA

સંપાદક : નાગરદાસ બી. મોદી, સોનગઢ
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
મુદ્રક : અજિત મુદ્રણાલય, સોનગઢ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મં. ટ્રસ્ટ, સોનગઢ